## વકત કી અહમ પુકાર

ઈમામે એહલે સુન્નત, મુજદ્દિદે દીનો મિલ્લત આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મહોક્કિક બરેલ્વી રદીઅલ્લાહો અન્હો કી કિતાબે ઈમાન વાલો કે ઈમાન ઔર અમલ કી હિફાઝત કે લિયે મઝબૂત કિલ્લે કી હૈસિયત રખતી હૈં.

ઈન કિતાબો કો ઝયાદા સે ઝયાદા ફૈલાના વકત કા અહમ તકાઝા હૈ. લેહાઝા તમામ અહલે ખૈર હઝરાત ઈસ કામ કી તરફ તવજજોહ દે કર સુન્નીયત કી સહીહ ખિદમત એજામ દેને કી સઆદત હાસિલ કરેં.


તબાઅત વ ઈશાઅત કે લિયે રાબતા કાઈમ કરેં:-

**મરકઝે અહલે સુન્નત બરકાતે રઝા**

પોરબંદર (ગુજરાત)

www.Markazahlesunnat.com

**MARKAZ-E-AHLE SUNNAT BARAKAAT-E-RAZA**
Imam Ahmad Raza Road, Porbandar (Gujarat-India)
Ph.: 0091-286-2220886



શું આ'લા હઝરત બરેલ્વી

અને મોલ્વી અશરફ અલી થાન્વી એ એકી સાથે દેવબંદ માં તા'લીમ લીધેલી?



www.Markazahlesunnat.com

# કહી અન કહી

અલ્લામા અબ્દુસ્સત્તાર હામદાણી "મસરૂફ"
( બરકાતી રઝવી, નૂરી )

મરકઝે અહલે સુન્નત બરકાતે રઝા
પોરબંદર (ગુજરાત)

દામન કો લિયે હાથ મેં કહેતા થા યેહ કાતિલ
કબ તક ઈસે ધોયા કરૂં, લાલી નહીં જાતી

**શું આ'લા હઝરત ઈમામ અહમદ રઝા બરેલ્વી અને મોલ્વી અશરફઅલી થાનવી એ દારૂલ ઉલૂમ દેવબંદ માં સાથે અભ્યાસ કરેલો ?**

આ પ્રશ્ન નો ઈતિહાસ ના પુરાવા થી જવાબ
એટલે




www.Markazahlesunnat.com

-: લેખક :-
મુનાઝિરે એહલે સુન્નત, માહિરે રઝવીયાત
અલ્લામા અબ્દુસ્સત્તાર હમદાની "મસ્રૂફ"

-: પ્રકાશક :-
મરકઝે એહલે સુન્નત બરકાતે રઝા
ઈમામ એહમદરઝા રોડ, પોરબંદર
(ગુજરાત)

## સર્વ હક્ક પ્રકાશક ને આધિન છે


પુસ્તક નું નામ : ''કહી અન કહી''

લેખક : અલ્લામા અબ્દુસ્સત્તાર હમદાની **''મસ્રૂફ''** બરકાતી, નૂરી

પ્રસ્તાવના : હઝરત સય્યદ આલે રસૂલ હસનૈન નઝમી મીયાં, સજ્જાદા નશીં ખાનકાહે બરકાતિયા મારહરા મુતાહરા (યુ.પી.)

કમ્પોઝિંગ : સમીના શેખ, નૂરી - અમદાવાદ

પ્રકાશક : મરકઝે એહલે સુન્નત બરકાતે રઝા, ઇમામ અહમદરઝા રોડ, પોરબંદર - ગુજરાત

પ્રત : ૫,૦૦૦ (પાંચ હઝાર)

પ્રકાશન વર્ષ : સફર હિ.સ. ૧૪૨૫/એપ્રિલ - ૨૦૦૪


## પુસ્તક પ્રાપ્તિસ્થાન

(૧) કુતુબખાના અમજદિયા, ૪૨૫, મિટિયા મહલ, જામા મસ્જિદ, દિલ્હી - ૬

(૨) ફારૂકિયા બુક ડીપો, ૪૨૨/સી, મિટિયા મહલ, જામા મસ્જિદ, દિલ્હી - ૬

(૩) દારૂલ ઉલૂમ ગૌસે આઝમ, પોરબંદર, ગુજરાત

(૪) રઝવી કિતાબ ઘર, મિટિયા મહલ, જામા મસ્જિદ, દિલ્હી -૬

(૫) બોમ્બે સ્ટેશનરી માર્ટ, લીબર્ટી રોડ, પોરબંદર

(૬) અલ મકતબતુલ મદીના, મહાવીર ચેમ્બર, સુન્હરી મસ્જિદ પાસે, સલાપસ રોડ, અમદાવાદ, ગુજરાત





## અનુક્રમણિકા


| નં. | વિષય | પેજ નં. |
|---|---|---|
| ૧ | પ્રકાશક ના બે બોલ (અરશદઅલી જીલાની બરકાતી ''જાન'' જબલપુરી) | ૦૫ |
| ૨ | પ્રસ્તાવના (સય્યદ આલે રસૂલ હસનૈન નઝમી મારહરવી) | ૧૩ |
| ૩ | ઈમામ એહમદરઝા (રદીયલ્લાહો અન્હો) ની પૈદાઇશ | ૧૮ |
| ૪ | મોલ્વી અશરફઅલી થાન્વી ની પૈદાઇશ | ૧૯ |
| ૫ | ઈમામ એહમદરઝા (રદીયલ્લાહો અન્હો) ની શિક્ષાનું સમાપન | ૨૦ |
| ૬ | મોલ્વી અશરફઅલી થાન્વી ની શિક્ષાનું અંત | ૨૧ |
| ૭ | હિ.સ. ૧૩૦૧ સુધી ની ઇમામ એહમદરઝા ની કૃતિઓ માંથી કેટલીક કૃતિઓ ના નામ | ૨૩ |
| ૮ | મોલ્વી અશરફઅલી થાન્વી ની માતાનું મૃત્યુ | ૨૭ |
| ૯ | થાન્વી સાહેબનું પોતાના પિતાના ખાટલા ના પાયા રસ્સી થી બાંધી દેવાનું કૃત્ય | ૨૮ |
| ૧૦ | થાન્વી સાહેબનું પોતાના ભાઇના માથા પર પેશાબ કરવું | ૩૦ |
| ૧૧ | થાન્વી સાહેબનું નમાઝ ની હાલતમાં આંધળા હાફિઝ સાહેબને થાપ આપવી અને ખડખડાટ હસવું | ૩૪ |
| ૧૨ | થાન્વી સાહેબે લોકો ને ફસાવવા માટે તસ્બીહ નું નામ ''જાલ'' (ગાળિયો) રાખેલ. | ૩૯ |
| ૧૩ | એક દરવેશ સાથે થાન્વી સાહેબ ની છેતરપિંડી | ૩૯ |
| ૧૪ | પોતાની પાસે ભલામણપત્ર લખાવનારાઓ સાથે થાન્વી સાહેબની છેતરપિંડી નું સામાન્ય રિવાજ | ૪૦ |
| ૧૫ | થાન્વી સાહેબનું નમાઝીયો ના જોડાઓનું છત ઉપર નાંખી દેવાનું પરાક્રમ | ૪૪ |




Www.Markazahlesunnat.com

| | | |
|---|---|---|
| ૧૬ | થાન્વી સાહેબે પોતાના સાવકા મામાની દાળ ની રકાબી માં કુતરા નું ગલુડિયું નાંખી દીધું. | ૪૬ |
| ૧૭ | ઐતિહાસિક ગવાહી | ૪૯ |
| ૧૮ | જયારે ઈમામ એહમદરઝા શિક્ષણ પ્રાપ્ત કરતાં હતાં ત્યારે દારૂલ ઉલૂમ દેવબંદનું અસ્તિત્વ જ ન હતું | ૫૧ |
| ૧૯ | દારૂલ ઉલૂમ દેવબંદ નું ઉદ્‌ઘાટન | ૫૨ |
| ૨૦ | દારૂલ ઉલૂમ દેવબંદ માં ફારસી અને કુરઆન ના વર્ગોનું આરંભ | ૫૫ |
| ૨૧ | દારૂલ ઉલૂમ દેવબંદના પ્રથમ મકાનનું શિલારોપણ | ૫૫ |
| ૨૨ | દારૂલ ઉલૂમ દેવબંદ ને મદ્રસા ના બદલે દારૂલ ઉલૂમ નું નામ આપવા માં આવ્યું. | ૫૭ |
| ૨૩ | બહાર ના વિદ્યાર્થીઓ ને રહેવા માટેની હોસ્ટેલ (છાત્રાલય) નું નિર્માણ. | ૫૮ |
| ૨૪ | દારૂલ ઉલૂમ દેવબંદ માં રસોડા (Mess)નું આરંભ | ૫૯ |
| ૨૫ | વિચારવાની ક્ષણો-પુસ્તક નું સાર એક દ્રષ્ટી માં | ૬૦ |


## સંદર્ભ કિતાબો (પુસ્તકો)


(૧) **હયાતે આ'લા હઝરત** — અલ્લામા ઝફરૂદ્દીન બિહારી અલૈહિર્રહમા

(૨) **અશરૂફુસ્સવાનેહ** — ખ્વાજા અઝીઝુલ હસન (થાન્વીના ખાસ ખલીફા)

(૩) **હુસ્નુલ અઝીઝ** — " " " " " "

(૪) **અલ ઈફાદાતુલ યૌમિયા** — મોલ્વી અશરફઅલી થાન્વીના કર્મો અને વચનોનું સંગ્રહ

(૫) **ખાતિમતુસ્સવાનેહ** — ખ્વાજા અઝીઝુલ હસન

(૬) **કમાલાતે અશરફિયા** — મોલ્વી ઈસા ઈલાહાબાદી (થાન્વી ના ખલીફા)

(૭) **તારીખે દારૂલ ઉલૂમ દેવબંદ** — મોલ્વી મહબૂબ, સલાહકાર સમિતિ દારૂલઉલૂમ દેવબંદ ની આજ્ઞા હેઠળ

(૮) **સવાનેહ કાસિમી** — મોલ્વી મુનાઝિર અહસન ગિલાની, પ્રકાશક : દારૂલઉલૂમ દેવબંદ

(૯) **તઝકિરતુલ ખલીલ** — મોલ્વી આશિક ઈલાહી મેરઠી






# પ્રકાશક ના બે બોલ

અરશદઅલી જીલાની બરકાતી ''જાન'' જબલપુરી

આકા-એ-નેઅમત, દરિયા-એ-રહેમત, સરાપા ઈશ્કો મહોબ્બત, જ્ઞાન અને મા'રેફત ના બહોળા સમુદ્ર, ઈમામે અહલે સુન્નત, મુજદ્દિદે દીનો મિલ્લત, મારા આકા, સરકાર આ'લા હઝરત, ઈમામ અહમદ રઝા, મોહક્કિકે બરેલ્વી અલયહિ રહમતો રિદવાન ની ઝાત ઘણીજ ખુબીઓ સાથે આજે દુનિયા-એ-અહલે સુન્નત માટે અજાણ નથી. આપની જ્ઞાની અને કૌમી ખિદમતો થી ફકત ઈસ્લામ ના અનુયાયીઓ જ નહીં પરંતુ સમગ્ર દુનિયા તૃપ્ત થઈ રહી છે અને થતી રેહશે. (ઈન્શા અલ્લાહુર્રહમાન) નજીક ના ભૂતકાળ માં આવી કોઈ ઉજળી વ્યક્તિ દૂર દૂર સુધી નઝરે ચઢતી નથી. અલ્હમ્દુ લિલ્લાહ..... અહલે સુન્નત ના આલિમો અને કૌમો મિલ્લત ના હમદર્દો એ સાબિત કરી આપ્યું છેકે આ'લા હઝરત ની ઝાત એટલા બધા ગુણો થી સભર છે કે આપની જેટલી પ્રશંસા કરવા માં તેટલી ઓછી છે અને શા માટે ના હોય? કે આ મર્દે મુજાહિદે હિન્દુસ્તાન ના સર્વે મુસલમાનો જ નહીં પરંતું સઘળા મો'મીન વર્ગ ના ઈમાન ની ખોટા અકીદા અને ધૃણાસ્પદ માન્યતાઓ થી હિફાઝત ફરમાવી અને પોતાની પૂરે પૂરી ઝિંદગી મસ્લકે હક્ક ( સાચા રસ્તા ) ની તરફેણ કરવા માં પસાર કરી. જયારે પણ દીન ના દુશ્મનો એ, રસૂલે બા-વકાર, મહેબૂબે પરવર દિગાર, શફીએ રોઝે શુમાર સલ્લલ્લાહો અલયહે વ-સલ્લમ ની વિરૂધ્ધ નાનું એવું અદબ વિરોધી વાકય પણ કહયું, તો આજે પણ ભૂતકાળ સાક્ષી છે કે આ'લા હઝરતે તેના કોઈ પણ હોદ્દા ને ધ્યાન માં ન લીધો અને કોઈ પણ પ્રકાર ના રાજકારણ વગર તેને લલકાર્યો, અને કુરઆન અને સુન્નત વડે તેના ઈમાન અને અમલ ના ભેદ ને ખુલ્લો પાડયો અને તેને તૌબા અને ઈસ્તિગ્ફાર ની નસીહત ફરમાવી.

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મોહક્કિકે બરેલ્વી નું પાકીઝા જીવન ચરીત્ર નઝર સમક્ષ લાવવા થી એ વાત બપોર ના સુર્ય ની જેમ પ્રકાશિત થઈ જાય છે કે તેઓ એ ઉલૂમે અકલીયા અને નકલીયા ની પ્રાપ્તિ પોતા ના વાલિદે માજિદ રઈસુલ અત્કિયા, હઝરત અલ્લામા મુફ્તી નકી

અલીખાં અલયહિર્રહમા પાસે કરી ત્યાર પછી બીજા ઉસ્તાદો થી પણ ફૈઝ મેળવ્યો અને અનેક જ્ઞાનો આપે ખુદ જ મુસ્તફા જાને રહમત સલ્લલ્લાહો અલયહે વ-સલ્લમ ની બક્ષિશ થી પ્રાપ્ત કર્યા. જેની વિસ્તૃત જાણકારી **"હયાતે આ'લા હઝરત"** અને **"સવાનેહ આ'લા હઝરત"** નામની ઉર્દૂ કિતાબો માં વર્ણવેલી છે.

ખૈર..... હિ. સ. ૧૨૮૬ માં આપ મા'કૂલ અને મન્કૂલ જ્ઞાનો થી તરિતૃપ્ત થઈને ફક્ત ચૌદ વર્ષ ની કુમળી વયે એક આલિમ, ફાઝિલ અને મુફ્તી ના દરજ્જા થી દીન અને કૌમ ની સેવા માં પૂરે પૂરા લાગી ગયા હતા.

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મોહક્કિકે બરેલ્વી જાણે કે જ્ઞાન અને વિદ્યા ના ફુટતા ઝરણા સમાન અને ઈશ્કે રસૂલ ની તસ્વીર હતા. આ વાત ને અગણિત આલિમો અને મોટા મોટા ફાઝિલો એ સાચી માની છે. મશ્હુર દાનિશ્વરો વિદ્વાનો એ પણ આપની ઝાત ને વખાણી છે.જેમ કે ફીડર શરીઅત કોર્ટ ઓફ પાકિસ્તાન ના મુખ્ય ન્યાયાધિશ જસ્ટિસ મિયાં મહબૂબ અહમદ આ'લા હઝરત ના ઈલ્મી મકામ અને હોદ્દા માટે ફરમાવે છે,

> **" વોહ મુતર્જિમ કી હૈસિયત સે હોં તો શુઉરો બયાન ઔર અદાઓ ઝબાન કા એક દબિસ્તાને જદીદ નઝર આતે હૈં, મોહદ્દિસ કી નઝર સે દેખેં તો ઇમામે નુવવી, ઇમામે અસ્કલાની, ઇમામે કુસ્તલાની ઔર ઇમામે સુયૂતી યાદ આજાતે હૈં, ફિકહ મેં અબૂ હનીફા ઔર ઇમામે અબૂ યૂસુફ કે કરમે તવજ્જોહ સે કિશ્કોલે ફિક્ર ભરે નઝર આતે હૈં, ઇલ્મે કલામ મેં ઇમામે રઝા અબૂ મન્સૂર માત્રિદી ઔર અશાએરા કે અઇમ્મએ વક્ત ઔર વક્તે નઝર કા નુમાઇન્દા હૈં, મન્તિક ઔર ફલ્સફા કા મૈદાન ભી ઉનકી શહસવારી એ ફિક્ર સે પામાલ હૈ."**

(હવાલા : મોજલ્લા ઈમામ અહમદરઝા કોન્ફરન્સ, કરાચી-૧૯૯૨,પેજ નં. ૩૧)





—: : અનુવાદ : :—

> **" તેઓ અનુવાદક ના રૂપે હોય તો બુધ્ધિ, પ્રવચન, છટા અને ભાષા ના એક નવા બગીચા ના સ્વરૂપે નઝર આવે છે. મોહદ્દિસ ના રૂપે જોઇએ તો ઇમામે નુવવી, ઇમામે કુસ્તલાની અને ઇમામે સુયૂતી ની યાદ આવી જાય છે, ફિકહ માં ઇમામે અબૂ હનીફા અને ઇમામે અબૂ યૂસુફ ની નઝરે કરમ થી ચિંતન નો ખઝાનો ભરેલો દેખાય છે. ઇલ્મે કલામ માં ઇમામે રઝા અબૂ મન્સૂર માત્રિદી અને અશાએરા નાં ઇમામે વક્ત અને જોનારા સમય ના પ્રતિનિધી છે, તર્કશાસ્ત્ર અને ફિલોસોફી ના મેદાનો પણ તેઓની ચિંતનગતિ ની ઘોડેસવારી થી ખરડાયેલા છે."**

આ'લા હઝરત ના ઈલ્મો અને ફનો માટે એટલુંજ કહી દેવું બસ છે કે તેઓ એક ખુબજ મોટા પાયા ના આલિમે દીન, સાચી સમજ આપવા વાળા મુફ્તી, બહોળા ઈલ્મો અને ફનો ના જાણકાર અને ચૌદમી સદી ના મુજદ્દિદે આ'ઝમ હતા.

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મોહક્કિકે બરેલ્વી અલયહિર્રહમતો રિદવાને કયારે ય રસૂલે આઝમ સલ્લલ્લાહો અલયહે વ-સલ્લમ ના દુશ્મનો ને લચક ન આપી અને આ ડાકૂઓ ને કયારેય ગણકાર્યા નહીં, તેથીજ દેવબંદી, વહાબી અને તબ્લીગી પંથ ના પ્રખર પેશ્વાઓ અને ચેલાઓ આ'લા હઝરત માટે જાત જાત ના ગપગોળા હાંકતા નઝરે ચડે છે. કયારેક આ'લા હઝરત ને કાદિયાની કહયા, તો કયારેક સમાજ માં ચાલતી ખોટી માન્યતાઓની જવાબદારી આપને માથે થોપી દિધી, કયારેક આપને "કલીલુલ-બઝાઅત" (ઓછી સમજ પૂંજીવાળા) કહયા, તો કયારેક આ'લા હઝરત ની મહાન શખ્સિયત ને બદનામ કરવા માટે મનઘડત જીવન પ્રસંગો પોતાની કિતાબો માં છાપ્યા. આવી રીતે જાત જાત ના આક્ષેપો અને જુઠાણાઓ ના ઢગ ખડકી દિધા. પણ, આપણી કૌમ ઉપર એહસાનો અને મહેરબાની કરવા વાળા આલિમો એ આવા આક્ષેપો ના ભૂતકાળ માં જડબાતોડ જવાબો આપી ને તેને રદ્દ બાતલ કરી નાખ્યા અને ફેલાઈ ચુકેલા



www.Markazahlesunnat.com

ખોટા પ્રચારો ના સંતોષકારક જવાબો પણ અર્પણ કર્યા. આ આક્ષેપો લગાડનારા પોતેજ હડધૂત થયા અને જહન્નમ ની આગ ના હક્કદાર બની ગયા અને આવું શા માટે ના હોય? કારણ કે કહેવત પ્રખ્યાત છે કે

**" આકાશ તરફ થુંકેલું પોતાના મોઢેજ આવે"**

હવે, જયારે કોઇ રીતે વાતનું મેળ પડતું ના લાગ્યું, કોઇ માર્ગ ના જડયો કે જેના વડે આ'લા હઝરત ને બદનામ કરી શકાય, તો એક નવો પ્રચાર કરવા લાગ્યા કે ''વહાબી, દેવબંદી વિચાર સરણી ની જમાઅત અને સુન્ની બરેલ્વી જમાઅત વચ્ચે અકીદાઓ અને મૂળભૂત માન્યતાઓ માં કોઇ વિવાદ નથી પણ આ તો એક વ્યક્તિગત ઝઘડો છે. હકીકત માં વાત એવી છે કે આ'લા હઝરત બરેલ્વી અને મોલ્વી અશરફઅલી થાન્વી બન્ને દારૂલ ઉલૂમ દેવબંદ માં એકી સાથે અભ્યાસ કરતા હતા. અભ્યાસકાળ દરમિયાન બન્ને વચ્ચે કોઇ વાત માં સખ્ત ઝઘડો થયો અને આ'લા હઝરત બરેલ્વી એ ગુસ્સા ના આવેશ માં થાનવી સાહેબ ઉપર કુફ્ર નો ફત્વો લગાડી દિધો અને પોતાના જીવનકાળ ના અંત સુધી તે ફત્વા ને વળગી રહયા અને આ ઘટના જ વહાબી-દેવબંદી અને સુન્ની વચ્ચે ઝઘડાનું મૂળ અથવા શરૂઆત છે.''

વર્તમાન યુગ ના મુનાફિકો એ ઉપર વર્ણવેલ મનઘડત ઘટના નો પ્રચાર કરી ને ભોળા ભાળા મુસલમાનો ને પોતાના ફરેબની જાળ માં ફસાવી, તેમના ઈમાન અને અકીદાઓ ને બરબાદ કરી નાંખ્યા. હવે ઝરૂરત એ વાતની હતી કે આ અસત્ય પ્રચાર થી છુટકારો કેવી રીતે મેળવવો? અને રહમત વાળી મુસ્લિમ કૌમ ને આ ફરેબ ના માયાજાળ થી કેવી રીતે બચાવવી? અલહમ્દો લિલ્લાહ.... મઝહબે અહલે સુન્નત ના હમદર્દ, ફના-ફી-ર્રઝાવન્નૂરી, ઉસ્તાદે ગિરામી વકાર, માહિરે રઝવીય્યાત, **મુનાઝીરે અહલે સુન્નત, હઝરત અલ્લામા અબ્દુસ્સત્તાર હમદાની સાહેબ** કિબ્લા એ કલમ ઉપાડી અને બાતિલ ફિર્કા વાળાઓના આવા ખોટા પ્રચારો અને આક્ષેપોને પોતાની કલમ ની શક્તિ થી અને ઐતિહાસિક પૂરાવાઓ થી હળાહળ જુઠાણા પૂરવાર





કરી બતાવ્યા. અલ્લાહ તઆલા તેઓને દુનિયા અને આખિરત બન્ને જહાન માં સારો બદલો અતા ફરમાવે......આમીન

મારા મહેરબાન ઉસ્તાદ, શેરે ગુજરાત, અલ્લામા અબ્દુસ્સત્તાર હમદાની સાહેબ કિબ્લા એ ઈ. સ. ૧૯૯૭ માં **"કયા આ'લા હઝરત બરેલ્વી ઔર મોલ્વી અશરફઅલી થાનવીને એક સાથ દેવબંદ મેં પઢા થા?"** ના નામ થી ઉર્દૂ માં કિતાબ લખી અને દેશ-પરદેશ માં તેની ખૂબ મકબૂલિય્યત પણ થઇ.

આ કિતાબ માં તમે જાણી લેશો કે મોલ્વી અશરફઅલી થાનવી અને આ'લા હઝરત નું દારૂલ ઉલૂમ માં એક સાથે અભ્યાસ કરવું તો શું આપે કયારેય પણ દારૂલ ઉલૂમ દેવબંદ માં અભ્યાસ જ નથી કરેલ અરે ત્યાં સુધી કે દેવબંદ ની ધરતી ઊપર પગ પણ નથી મુકયો. આ'લા હઝરત જયારે એક સંપૂર્ણ મુફ્તી બનીને દુનિયા માં જાણીતા અને પ્રખ્યાત થઇ રહયા હતા ત્યારે થાનવી સાહેબ બાળાવસ્થા માં ઢંગધડા વગર ના બાળપણ ના તોફાનો અને છબરડાઓ માં ડુબેલા હતા અને જયારે આ'લા હઝરત હિ.સ. ૧૩૦૧ માં એક મુજદ્દિદ ની હૈસિયત થી ઈસ્લામી દુનિયા ના આલિમો વચ્ચે પોતાના ઈલ્મ નું લોઢું મનાવી રહયા હતા, ત્યારે માલ્વી અશરફઅલી થાન્વી એ એક મામૂલી મોલ્વી ની પદવી ગ્રહણ કરી દેવબંદ થી ફરાગત મેળવી હતી.

ટુંક માં...... આ કિતાબ વડે સર્વે ખોટા વિચારો અને જુઠ્ઠા આક્ષેપો ના પડદા છિન્ન ભિન્ન થઇ જશે. જેને વહાબી, દેવબંદી, તબ્લીગ જમાઅત ના જાહિલો એ લોકો વચ્ચે વ્યવસ્થિત આયોજન હેઠળ ફેલાવ્યા છે.

ઉપર કહયું તે મુજબ આ કિતાબ ની મકબૂલિય્યત નો અંદાઝો એ વાત ઉપર થી આવી જશે કે આ કિતાબ ની અત્યાર સુધી સીત્તેર હજાર (૭૦,૦૦૦) થી પણ વધારે પ્રતો વેચાણ થઇ ગઇ છે. નીચે તે ઈદારાઓ (સંસ્થા) ના નામો લખવા માં આવે છે જેઓએ આ પુણ્ય કાર્ય માં ભાગ લીધો. (જઝાહુમુલ્લાહો તઆલા ફીલ આખેરાહ)

| ક્રમ | કયા નામ થી પ્રગટ થઇ | ભાષા | ઈદારો(સંસ્થા) | સંખ્યા | પ્રકાશનવર્ષ |
|---|---|---|---|---|---|
| ૧ | કહી અન કહી | ઉર્દૂ | અલ મુખ્તાર પબ્લિકેશન-કરાચી | ૧૩૦૦૦ | ૧૯૯૮ |
| ૨ | કયા આ'લા હઝરત..? | ઉર્દૂ | તહરીકે ફિક્રે રઝા બોમ્બે | ૨૦૦૦ | ૧૯૯૭ |
| ૩ | કયા આ'લા હઝરત..? | અંગ્રેઝી | તહરીકે ફિક્રે રઝા બોમ્બે | ૧૦૦૦ | ૧૯૯૭ |
| ૪ | કયા આ'લા હઝરત..? | હિન્દી | તહરીકે ફિક્રે રઝા બોમ્બે | ૧૦૦૦ | ૧૯૯૯ |
| ૫ | હકીકત કે આઇને મેં | ઉર્દૂ | અન્જુમને યાદે રઝા દામનગીરા-કર્ણાટક | ૧૦૦૦ | ૨૦૦૦ |
| ૬ | હકીકત | ગુજરાતી | દારૂલ ઉલૂમ ગૌસે આ'ઝમ-પોરબંદર | ૧૦૦૦ | ૧૯૯૮ |
| ૭ | કહી અન કહી | ઉર્દૂ | અલ મુખ્તાર પબ્લિ. કરાચી(પાકિસ્તાન) | ૩૦૦૦૦ | ૧૯૯૮ |
| ૮ | તારીખ કે આઇને મેં | ઉર્દૂ | મકતબતુલ મુસ્તફા બરેલી શરીફ | ૧૦૦૦ | ૨૦૦૧ |
| ૯ | કયા આ'લા હઝરત..? | ઉર્દૂ | રઝા એકેડમી માલે ગાંવ | ૧૦૦૦ | ૧૯૯૮ |
| ૧૦ | કયા આ'લા હઝરત..? | ઉર્દૂ | સુન્ની આવાઝ નાગપૂર | ૧૦૦૦ | ૨૦૦૦ |
| ૧૧ | કહી અન કહી | ઉર્દૂ | મર્કઝે અહલે સુન્નત બરકાતે રઝા-પોરબંદર | ૧૦૦૦ | ૨૦૦૨ |
| ૧૨ | કહી અન કહી | ઉર્દૂ | મર્કઝે અહલે સુન્નત બરકાતે રઝા-પોરબંદર | ૩૦૦૦ | ૨૦૦૩ (માર્ચ) |
| ૧૩ | કહી અન કહી | ઉર્દૂ | મર્કઝે અહલે સુન્નત બરકાતે રઝા-પોરબંદર | ૫૦૦૦ | ૨૦૦૨ ઓકટો. |
| ૧૪ | કયા આ'લા હઝરત..? | ઉર્દૂ | તહરીકે ફિક્રે રઝા બોમ્બે | ૫૦૦૦ | ૨૦૦૪ |





ઉપરોક્ત સંસ્થાઓએ આ કિતાબ આટલી મોટી સંખ્યા માં પ્રકાશિત કરી દેશ પરદેશ માં તેની વહેંચણી કરી.તેમ છતાં આજે પણ આ કિતાબ ની માંગ ચાલુ જ છે. તેથી જ આમાં સુધારા વધારા સાથે ''મરકઝે અહલે સુન્નત બરકાતે રઝા-પોરબંદર'' તરફ થી ફરી એક વાર પ્રકાશિત કરવા માં આવી રહી છે. મર્કઝે અહલે સુન્નત બરકાતે રઝા એ ફક્ત છ મહીના ના ઓછા સમય માં ઘણીજ કિતાબો અરબી, ઉર્દૂ, ફારસી, હિન્દી વગેરે ભાષાઓ માં પ્રકાશિત કરીને આમ-ખાસ લોકો ની શુભેચ્છાઓ મેળવી લીધી છે અને હવે ટુંક સમય માંજ આપની સમક્ષ અમારો નવો પ્રોગ્રામ એક નવો અને અનેરો રંગ લાવશે. ઇન્શા અલ્લાહ! વ-હબીબોહુ જલ્લ જલાલહુ વ સલ્લલ્લલાહો તઆલા અલયહે વ આલેહિ વ-સલ્લમ.

હું ઘણોજ અહેસાનમંદ અને શુક્રગુઝાર છું આકાએ ને'મત, ગુલે ગુલઝારે ખાનદાને બરકાત, હુઝૂર સય્યેદી, સરકાર આલે રસૂલ હસનૈન નઝમી મીયાં સાહેબ કિબ્લા દામત બરકાતોહુમુલ આલિયાહ, સજ્જાદા નશીન ખાનકાહે બરકાતિયા મારેહરા મુતહહેરા નો કે તેઓ એ આ કિતાબ ની પ્રસ્તાવના લખી ને તેની આધારભૂતતા અને વિશ્વસનિયતા માં ચાર ચાંદ લગાડી દિધા છે. અલ્લાહ તઆલા આપને અજરે જઝીલ અને જઝાએ જલીલે બે મસીલ અતા ફરમાવે અને આપની છત્રછાયા ને અમો સર્વે સુન્ની મુસ્લિમ સમાજ માટે દરાઝ ફરમાવે અને અમો સર્વે ને ફાયદો મેળવવા ની તાકત આપે.......આમીન.

હું દુઆ કરૂં છું કે અલ્લાહ તઆલા ઉસ્તાદે ગિરામી હઝરત અલ્લામા અબ્દુસ્સત્તાર હમદાની સાહેબ ને અસંખ્ય ભલાઇઓ અર્પે અને આપની છત્રછાયા ને કૌમ અને સમાજ માટે લાંબા સમય સુધી કાયમ રાખે અને વહાબી, દેવબંદી ની ભ્રામક જાળથી બચાવે. સરકાર આ'લા હઝરત ની ખિદમતોને ઇસ્લામી સમાજ માં ખૂબ ફેલાવો અર્પે અને તમામ મુસલમાનોં ને ફૈઝયાબ અને ફાયદો ઉપાડનારા બનાવે......આમીન

યા રબ્બલ આલમિન બે હુર્મતિન્નબીય્યીલ કરીમ અલયહે અફ્દલુસ્સલાતે વત્ત તસ્લીમ

મુ.તા. ૬ - ઝિલ્કા'દ, સ.હિ. ૧૪૨૨

અં.તા. ૨૧ - જાન્યુઆરી, ઈ.સ. ૨૦૦૦

(સોમવાર)

સગે દરબારે નૂરી

**અહકર અરશદઅલી જીલાની બરકાતી ઓફિયા અન્હો**

ખાદિમ : મરકઝે અહલે સુન્નત બરકાતે રઝા

ઈમામ અહમદરઝા રોડ, પોરબંદર (ગુજરાત)

www.Markazahlesunnat.com





## ∞:પ્રસ્તાવના:∞

## સફેદ જુહ્રાણા ના ફુરચે ફુરચા

**'ગુલે ગુલઝારે ખાનદાને બરકાત, સય્યેદી સરકાર'**
**હઝરત સૈયદ આલે રસૂલ હસનૈન નઝમી મીયાં**
**દામત બરકાતુહુમુલકુદસીયા**
**સજ્જાદા નશીન ખાનકાહે બરકાતિયા - મારેહરા મુતહહેરા.**

ખાનદાને બરકાત ના ચશ્મો ચિરાગ, અહલે સુન્નત ના ઈમામ, દીનો મિલ્લત ના મુજદ્દિદ, ગોસો ખ્વાજા ની કરામત, આપણા આ'લા હઝરત ઈમામે અહમદરઝા અલયહિર્રહમતો વ ર્રિદવાન આજના યુગ માં સચ્ચાઇ નું સીમા ચિહ્ન,અહલે સુન્નત વ જમાઅત ની કસોટી અને ઓળખાણ, મસ્લકે જમ્હૂર ના પ્રાણ છે.

ચાર વર્ષ ની વયે નાઝરા કુરઆન ખતમ, છ વર્ષ ની વયે મીલાદ નું પ્રવચન, પોણા ચૌદ વર્ષ ની વયે માકૂલ અને મન્કૂલ સર્વે ઈલ્મો ની પૂર્ણાહુતી, તેજ દિવસે ''રઝાઅત'' નો એક ફત્વો લખવો, વિવિધ પ્રકાર ના જ્ઞાનો અને વિષયો પર આધારિત એક હઝાર (૧૦૦૦) થી પણ વધુ કિતાબોનું સંપાદન, ઉત્તમ મુફસ્સિર, ઉચ્ચ પાયા ના મોહદ્દિસ, મહાન રૂત્બા ના ફકીહ, નિડર મુનાઝિર, ઝાહિરી અને બાતિની ઈલ્મો ના ઈમામ, બુલંદ દરજ્જા ના પીરે તરીકત અને સૌથી વધીને સાચા આશિકે રસૂલ. આ બધા સદગુણો અલ્લાહ તઆલા એ જે એકજ વ્યકિત ને અર્પણ કર્યા, તેને અરબ અને અજમ ના આલિમો એ ''મુજદ્દિદ'' ના લકબ થી નવાઝી પોતાના આકા, મૌલા અને ઈમામ તરીકે સ્વીકાર્યા.

ઈમામ અહમદરઝા ની દૃષ્ટિ એ ઈસ્લામ નો અર્થ સીધો અને સરળ છે. પણ આપ તે માણસનું ખંડન કરવા માં લેશમાત્ર પણ કચાસ રાખતા નથી કેજે મઝહબ માં નવી નવી વાતો ઘડીને હકીકત ને દુષણો ના ચરણે ધરી દે છે અને તે માણસ નું પણ ખંડન કરે છે જે કૌમની એકતા ને ખંડીત કરી તેના ટુકડે ટુકડા કરે છે. અને ઈસ્લામી સમુદાય ને તજી નવા પંથે ચાલે છે.

હકીકત એ છે કે, ઇમામ અહમદરઝા એ ન તો કોઇ નવા અકીદા ની શોધ કરી કે, ન તો કોઇ નવી માન્યતાઓ નો પાયો નાંખ્યો. અલબત્ત... તેમણે ઇસ્લામ ની જુની, અસ્લી અને મૂળભૂત માન્યતાઓ માં નવા પ્રાણ પૂર્યા.તેમણે જમાઅતે સુન્નત થી હટી ને કોઇ નવો ફિરકો નથી ઘડયો. તેઓની સંશોધન યૂક્ત કિતાબો ચકાસી જુઓ. તેઓ તે વાત જ કહે છે જે કુરઆન અને હદીસ થી સાબિત છે. તેઓની કિતાબ અને ફત્વા નિઃશંક કુરઆન અને હદીસ ના શિક્ષણ થી ભરપૂર છે જ પણ તેમની શાએરી ને વાંચી જુઓ તો એક એક પંક્તિ ''કૌસર'' અને ''તસ્નીમ'' ના પવિત્ર જળ થી ધોએલી જણાશે. દરેક પંક્તિ કુરઆન ના અર્થ અને હદીસ ના અર્થઘટન પર જ આધારિત જોવા મળશે. તેઓ એ હંમેશા સાચી સાચી વાતો જ કરી છે. ઢાંકપીછોડા કે વધઘટ કરી નથી. તેમણે કદી એવું આચરણ નથી કર્યું કે થોડુંક બતાવવું અને થોડુંક છુપાવવું. તેમણે તેજ અકીદા અને વિચારો જ રજુ કર્યા છે કે જે દરેક યુગ માં ઇસ્લામી માન્યતાઓ રૂપે પ્રચલિત હતા. તે વાત જ કરી છે કે જે સદીઓ થી કહેવા માં આવતી હતી. તેમણે સલ્ફે-સાલેહીન ના મસ્લક, વિચારો અને અકીદાઓ ને નવ-જીવન અર્પણ કર્યુ. તેઓ એક દિર્ઘ દૃષ્ટિ અને ચિંતન-મનન ધરાવનારા સમાજ પ્રણેતા પણ હતા. નિઃશંક, ઇમામ અહમદરઝા પોતાના સમય ના એક અજોડ રહેબર હતા કે જેમણે કૌમ ની ઝિન્દગી માં સચ્ચાઇ ના સોંદર્ય ના અસંખ્ય પાસાઓ ઊજળા કરી બતાવ્યા. જેમના વિચારો એ માનવજીવન ને શકય તેટલી સફળતા પ્રદાન કરી. જે સરળતા અત્યાર સુધી અશકય જણાતી હતી તેને આપે ઇસ્લામી સરહદ માં સિમિત રહી અને શકય કરી બતાવી.

ઇમામ અહમદરઝા અલયહિર્રહમતો ર્રિદવાન ની ખૂબી ફકત એ નથી કે તેઓ ઉલૂમે અકલિયા અને નકલિયા ના મહા વિદ્વાન હતા. એ પણ કાંઇ કમાલ નથી કે તેઓ ગણિત અને ગ્રહગતિ શાસ્ત્ર નાં અંતિમ નિષ્ણાત હતા. એ પણ કમાલ નથી કે તેઓ ઇલ્મે ફિકહ ના આકાશ ના પ્રકાશિત સૂર્ય સમાન હતા. તે પણ કમાલ નથી કે તેઓ અરબી, ફારસી ઉર્દૂ અથવા હિન્દી ના પ્રખર કવિ હતા. કમાલ તો એ છે કે તેઓ માં તે સર્વે ખૂબીઓ સંયુક્ત પણે મૌજૂદ હતી. ઉપર વર્ણવેલ ખૂબીઓ માં થી ફકત એક ખૂબી પણ, તે





ખૂબી ધારણ કરનાર માટે અન્ય સમક્ષ ઉચ્ચ, આદરણિય, માનનીય, સન્માનિય અને પ્રતિષ્ઠીત બનવા માટે નિમિત બને છે.

ઇમામ અહમદરઝા અલયહિ ર્રહમતો રિદવાન ઉપર તેઓના મુર્શિદે બર હક્ક, હુઝૂર ખાતેમુલ અકાબિર, સય્યદ, શાહ આલે રસૂલ અહમદી મારેહરવી રહેમતુલ્લાહે તઆલા અલયહિ ની એવી નઝરે કરમ થઇ કે તેઓ સમગ્ર વિશ્વ ની નઝર માં મકબૂલ થઇ ગયા. તેઓની કલમ પોતાઓ ના માટે ગુલાબ ની પાંખડી સમાન હતી અને શત્રુઓ એટલે કે રસૂલે બરહક્ક, શહેનશાહે કૌનેન સલ્લલ્લાહો તઆલા અલયહિ વ-સલ્લમ ની શાન માં બે અદબી કરવા વાળાઓ માટે ''ઝુલ્ફિકારે હૈદરી'' ની વારસદાર હતી. તેઓ સત્ય શોધક, સત્ય જોનારા, સત્ય ઉચ્ચારક અને સત્ય ને પ્રિય રાખી તેને સ્વીકારનારા હતા. તેથી જ તેઓ ના સ્વભાવ માં સખ્તાઇ હતી. આપે અમુક ગુમરાહ કરવા વાળા લોકો પર સખ્તી સાથે કરેલી ટિપ્પણી અને પકડ ને અનુલક્ષી ને ડૉ. ઇકબાલે કહેલું કેઃ- '' જો આ વાત વચ્ચે ના આવી હોત તો તેઓનું ઇલ્મ મિલ્લતે ઇસ્લામિયા માં અન્ય બાબતો ની જેમ વ્યાપક બન્યું હોત અને તેઓ નિઃશંક પોતાના સમય ના ઇમામે અબૂ હનીફા કહેવાયા હોત.''

તો જે વ્યક્તિ આવી વિશ્વ વ્યાપક ખ્યાતિ ધરાવતી હોય તેનો વિરોધ કરવો અને તેની ટીકા-ટિપ્પણી કરવી વિરોધીઓ માટે અતિ આવશ્યક બની રહે છે. ઇમામ અહમદરઝા ના વિરોધીઓ તકરીર અને તેહરીર (ભાષણ અને લખાણ) ના મૈદાન માં કદી પણ ટકી શકયા નથી. દુશ્મનોં ની દરેક દલીલ ને જયારે આ'લા હઝરતે પોતાની કલમ રૂપી તલ્વાર થી ગાજર મૂળા ની જેમ કાપી ને રાખી દિધી, ત્યારે ઇમામ અહમદરઝા ના વિરોધીઓ ની શૈતાની ટોળકી એ જુઠ્ઠા આક્ષેપો, અસત્ય તહોમતો અને મનઘડત જુઠ્ઠાણાઓ નો આશરો લીધો અને એવી વાત ફેલાવી દિધી કે ઇમામ અહમદરઝા તથા લઈમુલ ઉમ્મત મોલ્વી અશરફઅલી થાન્વી દારૂલ ઉલૂમ દેવબંદ માં એક સાથે અભ્યાસ કરતા હતા અને અભ્યાસકાળ દરમ્યાન બન્ને વચ્ચે અણબનાવ થયો, જેનો બદલો લેવા ના આશય થી ઇમામ અહમદ રઝા એ થાનવી સાહેબ ને ''કાફિર'' નો ફતવો આપી દિધો. આ વિરોધી ટોળકી ના લોકો

તે જ છે કે જેઓ એ ઇમામુલ-અંબિયા, ફખ્રે મૌજૂદાત, આલિમે મા- કાના-વમા-યકૂન, મુસ્તફા જાને રહમત સલ્લલ્લાહો તઆલા અલયહે વ-સલ્લમ વિષે પણ એવી વાતો ફેલાવી હતી કે આપે ઉર્દૂ ભાષા દારૂલ ઉલૂમ દેવબંદ ના આલિમો ના સંપર્ક માં આવવા ના કારણે જ શિખેલી. એક મશ્હૂર કહેવત છે કે '' વિફરેલી બિલાડી થાંભલા ને નખ મારે'' તેમ દેવબંદી- વહાબી-તબ્લીગી જમાઅત ના ફિરકા વાળાઓ ને નખ મારવા માટે થાંભલો મળ્યો, તો તે પણ બરેલી ના પઠાણો નો આધારસ્થંભ. ઇમામ અહમદરઝા અને અશરફઅલી થાનવી ને એક સાથે અભ્યાસ કરતા સહપાઠી હોવાની વાત ફેલાવી ને વહાબીઓ નું આ શૈતાની લશ્કર ખબર નથી શું પૂરવાર કરવા ઇચ્છે છે? અરે અક્કલ ના ઓથમીરો....! અલ્લાહ તઆલા એ શૈતાન ને પણ એક સમયે ફરિશ્તાઓ ના શિક્ષક નો દરજ્જો આપેલો. શૈતાને ફરિશ્તાઓને ભણાવેલા, પણ તેનું ઇલ્મ તેને ફાયદો આપી શક્યું નહીં. ફરિશ્તાઓ જેમ હતા તેમ અલ્લાહ ના તાબેદાર બંદાઓ બનીને જ રહયા, જયારે પવિત્ર ફરિશ્તાઓ નો ઉસ્તાદ શૈતાન પોતાના અહંકાર અને ઘમંડ ના કારણે મરદૂદ અને લા'નત ને લાયક બની ગયો.

આશિકે ''રઝા'', મૌલાના અબ્દુસ્સત્તાર હમદાની, બરકાતી, રઝવી, નૂરી એ શૈતાની લશ્કર ને ઠેકાણે પાડી દેવાનું બીડું ઝડપ્યું છે. રઝવીય્યાત ના તો તેઓ નિષ્ણાત છે જ પણ સાથે સાથે દેવબંદિયત ના પણ એકસપર્ટ છે. જહન્નમી ફિરકા ની વાંધાજનક કિતાબો ના ફકરા તેઓને મોઢે યાદ છે. તેઓ જયારે ''મીયાં કી જૂતી, મીયાં કા ચાંદ'' વાળી કહેવત ની ફોર્મ્યુલા અપનાવી ને શૈતાની ટોળી ના ગુરૂ ઘંટાલો ને પબ્લિક માં નગ્ન સ્વરૂપે રજુ કરે છે, ત્યારે એવું લાગે છે કે ''ઝુલ્ફિકારે હૈદરી મ્યાન ની બહાર નિકળી આવી છે.''

આ લાંબુ નિબંધ કે જે અત્યારે આપના હાથ માં છે તે બરકાતી, રઝવી, નૂરી, ખંજરે કરેલા કટકાઓ નો નમૂનો છે. દરેક દલીલ હિમાલય પર્વત થી વધુ અટલ અને વજનદાર છે. '' દુશ્મન પર દુશ્મન ની જ તલવાર થી'' વાળી યુક્તિ અલ્લામા અબ્દુસ્સત્તાર હમદાની ની વિશિષ્ટતા છે. જો વિરોધીઓ માં લેશમાત્ર પણ લજ્જા, શરમ અને સ્વમાન હશે તો આ નિબંધ





વાંચ્યા બાદ તેઓ પોતાના મોઢે ધૂળ ચોપડે તો પણ ઓછું છે. પણ આ લોકો અબૂજહલ ની સુન્નત નું અનુકરણ કરનારાઓ છે, જેણે મુસ્તફા જાને રહમત સલ્લલ્લાહો અલયહે વ-સલ્લમ ની નબુવ્વત ની દલીલ માંગી અને તે સમયે તેની અંધકારમય મુઠ્ઠી માં દબાયેલી કાંકરીઓ એ ''કલ્મ-એ-શહાદત'' પઢયું, તો અબૂજહલ એવું બકી ને નાઠો કે (મઆઝ-અલ્લાહ) ''મુહમ્મદ'' જાદુગર છે. (સલ્લલ્લાહો અલૈહે વ આલેહિ-વ-સહબેહિ-વ-સલ્લમા)

આ લોકો પણ શું કરે? કારણ કે અલ્લાહ તઆલા એ તેઓના દિલો પર મોહર લગાવી દિધી છે.

અલ્લાહ તઆલા અબ્દુસ્સત્તાર હમદાની સાહેબ ના કલમ ને દિવસ રાત બેગુણી ચૌગુણી શક્તિ અર્પે અને તેઓ આવી જ રીતે રસૂલે પાક સલ્લલ્લાહો અલૈહે વ-સલ્લમ ના દુશ્મનો ના સીના વીંધતા રહે....**આમીન.**

૫-શવ્વાલુલ મુકર્રમ હિ.સ. ૧૪૧૭

**સય્યદ આલે રસૂલ હસનૈન બરકાતી**

**સજ્જાદાનશીન,**

**આસ્તાના એ આલિયા મારેહરા મુતહહેરા**

**બરકાતી હાઉસ-બોમ્બે**

## શું આ'લા હઝરત બરેલ્વી અને અશરફઅલી થાનવી એ સાથે અભ્યાસ કરેલો હતો?

(૧) હાલમાં વહાબી-તબ્લીગી જમાઅત ના અનૂયાયીઓ લોકો ને ભરમાવવા ના આશય થી એવો ભ્રામક પ્રચાર કરી રહયા છે કે સુન્ની વહાબી નો આ વિવાદ કોઇ મઝહબી કે સૈધ્ધાંતિક વિવાદ નથી, પણ વ્યક્તિગત અને અંગત ઝઘડા નું પરિણામ છે, અને તે ઝઘડો એ છે કે ''આ'લા હઝરત ઈમામ અહમદરઝા અને મોલ્વી અશરફઅલી થાનવી બન્ને જણા એકી સાથે ''દારૂલ ઉલૂમ દેવબંદ'' માં અભ્યાસ કરતા હતા. અભ્યાસકાળ દરમિયાન બન્ને વચ્ચે એક દિવસ નજીવી બાબતે ઝઘડો થયો. જેના કારણે આ'લા હઝરત ઈમામ અહમદ 'રઝા' બરેલ્વી એ ક્રોધ માં આવીને મોલ્વી અશરફઅલી થાનવી અને અન્ય દેવબંદ ના આલિમો ને કુફ્ર નો ફત્વો આપી દિધો અને અભ્યાસ અધુરો છોડી દેવબંદ થી બરેલી પરત ચાલ્યા ગયા. બરેલી પહોંચી ગયા છતાં તેમનો ગુસ્સો ઠંડો ન થયો અને જીવન ના અંતકાળ સુધી ફત્વા ને વળગી રહયા.

(૨) ઉપરોકત માન્યતા હળાહળ આક્ષેપ, અસત્ય, ઉપજાવી કાઢેલ અને ટાઢા પહોર નું ગપ્પું છે. તેના અસત્ય હોવા બદલ ઈતિહાસ સાક્ષી છે. હવે પછી આ વાત દેવબંદી વિચારસરણી ધરાવતા દેવબંદી વિદ્વાનો ની આધારભૂત કિતાબો ના હવાલા દ્વારા પૂરવાર કરીશું,

(૩) પહેલા આપણે આ'લા હઝરત ઈમામ અહમદ 'રઝા' મોહદ્દિસે બરેલ્વી રદિયલ્લાહો તઆલા અન્હો નો જન્મ દિવસ જાણીએં. આપનો જન્મ ૧૦, શવ્વાલ, હિ.સ. ૧૨૭૨ ના રોજ થયેલો.

**''મૌલ્વી અહમદરઝા ખાં બરેલ્વી સલ્લમહુલ્લાહો તઆલા બિન મૌલ્વી નકી અલી ખાં ઇબ્ને મૌલ્વી રઝા અલી ખાં મુતવત્તિન બરેલી રોહિલખંડ, ને બ તારીખ દસ, માહ દહમ યા'ની શવ્વાલ, બ રોઝ શમ્બા સ.હિ. ૧૨૭૨ અરસ એ દુનિયા મેં કદમ મુબારક રખા.''**





**હવાલો**

**''હયાતે આ'લા હઝરત''**
**લેખકઃ- મલેકુલ ઓલમા, હઝરત મૌલાના ઝફરૂદ્દીન બિહારી**
**પ્રકાશકઃ- કાદરી બુક ડિપો - બરેલી**
**ભાગ-૧, પાના નં. ૧૧**

(૪) મોલ્વી અશરફઅલી થાનવી ની જન્મ તિથી ૫-રબીઉસ્સાની, ૧૨૮૦ હિ.સ. છે. નીચેના ફકરા જોઇએ.

(ક):---

**'' હઝરતે વાલા કી વિલાદત બા-સઆદત ૫-રબીઉસ્સાની સ.હિ. ૧૨૮૦ કો ચહાર શમ્બા કે દિન બ વક્તે સુબ્હ સાદિક વાકેઅ હુઈ.''**

**હવાલો**

**''અશરફુસ્સવાનેહ''**
**લેખકઃ- થાનવી સાહેબ ના ખલીફા-એ-ખાસ**
**ખ્વાજા અઝીઝુલ હસન**
**પ્રકાશકઃ- મકતબા તાલીફાતે અશરફીયા, થાના ભવન**
**ભાગ-૧, પાના નં. ૧૬**

(ખ):---

**''ફરમાયા મેરા સને વિલાદત સ.હિ. ૧૨૮૦ હૈ. પાંચવી રબીઉસ્સાની બ વક્તે સુબ્હ સાદિક માદ્દએ તારીખ - ''કરમે અઝીમ'' યા ''મકરે અઝીમ'' કહીયે''**

**હવાલો**

"હુસ્નુલ અઝીઝ"

લેખકઃ- ખ્વાજા અઝીઝુલ હસન

પ્રકાશકઃ- મકતબા તાલીફાતે અશરફીયા, થાના ભવન

જીલ્લો :- મુઝફફરનગર (યુ.પી.)

ભાગ-૧, મલ્ફુઝ નં. ૧૦, પાના નં. ૧૮

(૫) ઈમામ અહમદરઝા મોહદ્દિસે બરેલ્વી એ બરેલી માં પોતાના ઘરે જ પોતાના વાલિદે માજિદ, રઈસુલ અતકિયા, અલ્લામા નકીઅલી ખાં, પોતાના દાદા હઝરત રઝાઅલી ખાં અને હઝરત મૌલાના ગુલામકાદિર બેગ પાસે થી દીની ઈલ્મ પ્રાપ્ત કર્યું અને ફકત ચૌદ વર્ષ ની વયે એટલે કે ૧૨૮૬ સ.હિ. માં દીની ઈલ્મ પ્રાપ્ત કરી લીધું અને તે જ વર્ષે ૧૨૮૬ સ.હિ. માં જ આપ મુફ્તી તરીકે સેવા આપવા લાગ્યા.

**"તમામ ઉલૂમે દરસિયા મા'કૂલ વ મન્કૂલ સબ આપને અપને વાલિદે માજિદ સાહબ સે હાસિલ કર કે બ તારીખ ૧૪ - શાબાન સ.હિ. ૧૨૮૬ મેં ફાતિહા એ ફરાગ કિયા ઔર ઉસી દિન એક રઝાઅત કા મસ્અલા લિખ કર વાલિદે માજિદ કી ખિદમત મેં પેશ કિયા, જવાબ બિલ્કુલ સહીહ થા. વાલિદે માજિદ સાહબ ને ઝહને નક્કાદ વ તબએ વકાઅ દેખ કર ઉસી દિન સે ફત્વા નવેસી કા કામ ઉનકે સુપુર્દ ફરમાયા."**

**હવાલો**

"હયાતે આ'લા હઝરત"

લેખકઃ- મલેકુલ ઓલમા, હઝરત મૌલાના ઝફરૂદ્દીન બિહારી

પ્રકાશકઃ- કાદરી બુક ડિપો - બરેલી

ભાગ-૧, પાના નં. ૧૧





(૬) ૧૨૮૬ સ.હિ. માં જયારે આ'લા હઝરત ઈમામે અહમદ 'રઝા' મોહદ્દિસે બરેલ્વી મુફ્તી બની ને પોતા ના ઈલ્મ નું લોઢું ઈસ્લામ ના આલિમો થી મનાવી રહયા હતા ત્યારે મોલ્વી અશરફઅલી થાનવી ની વય ફકત છ (૬) વર્ષ ની હતી. કારણ કે થાનવી ની પેદાઈશ ૧૨૮૦ સ.હિ. માં છે. આ પરિસ્થિતી માં બન્ને નું એક સાથે દારૂલ ઉલૂમ દેવબંદ માં અભ્યાસ કરવું શકય જ નથી...!

(૭) મોલ્વી અશરફઅલી થાન્વી એ પંદર વર્ષ ની ઉમર પછી અર્થાત સ.હિ. ૧૨૯૫ માં તા'લીમ મેળવવા માટે દારૂલ ઉલૂમ દેવબંદ માં પ્રવેશ મેળવ્યો હતો. મોલ્વી અશરફઅલી થાનવી ના જીવન-વૃતાંત પર આધારિત કિતાબ નો હવાલો અત્રે રજુ કરેલ છે.

**" અરબી કી પૂરી તકમીલ દેવબંદ હી મેં ફરમાઈ ઔર સિર્ફ ૧૯ યા ૨૦ સાલ હી કી ઉમર મેં બ ફઝલેહી તઆલા ફારિગુત-તહસીલ હો ગયે થે. મદ્રસએ દેવબંદ મેં તકરીબન પાંચ સાલ બ સિલ્સિલએ તા'લીમ રેહના હુવા. આખિર ઝિકા'દા ૧૨૯૫ સ.હિ. મેં વહાં દાખિલ હુએ ઔર શુરૂ ૧૩૦૧ સ.હિ. મેં ફારિગુત-તહસીલ હો ગએ.**

**હવાલો**

"અશરફુસ્વાનેહ"

લેખકઃ- ખ્વાજા અઝીઝુલહસન

પ્રકાશકઃ- મકતબા તાલિફાતે અશરફિયા, થાના ભવન

ભાગ-૧, સફહા-૨૪, બાબ-૬

ઉપરોક્ત હવાલાઓથી પૂરવાર થયું અને તેનો અર્થ એ થયો કે ઈમામ અહમદ 'રઝા' મોહદ્દિસ બરેલ્વી એ પોતાના અભ્યાસ ની પૂર્ણાહુતી સ.હિ. ૧૨૮૬ માં જયારે કરેલી તેના નવ(૯) વર્ષ પછી મોલ્વી અશરફઅલી થાનવી એ સ.હિ. ૧૨૯૫ માં દીની તા'લીમ મેળવવા ની શરૂઆત કરેલી. હવે આ સંજોગો માં બન્ને નું એકી સાથે અભ્યાસ કરવું કઇ રીતે શકય છે?



www.Markazahlesunnat.com

મોલ્વી અશરફઅલી થાનવી એ સ.હિ. ૧૩૦૧ માં દીની શિક્ષણ પુરૂ કરેલું ત્યારે તેઓની વય ૨૧ વર્ષ ની હતી અને આ'લા હઝરત ઈમામ અહમદ'રઝા' ની વય ૨૯ વર્ષ ની હતી. સ.હિ. ૧૩૦૧ માં જયારે મોલ્વી અશરફઅલી થાનવી સાહેબ ફકત એક મોલ્વી બની શકયા હતા, ત્યારે આ'લા હઝરત ઈસ્લામી દુનિયા ના આકાશ ઉપર પ્રકાશિત સૂર્ય ની જેમ ઝળહળી રહયા હતા. સમ્રગ વિશ્વના મહાન આલિમો એ આ'લા હઝરતની મહાનતા નો સ્વીકાર કરી આપને પોતાના પેશ્વા, મુક્તદા અને રાહનૂમા તરીકે માની લીધા હતા. સ.હિ. ૧૩૦૦ માં આ'લા હઝરત દ્વારા લખાએલ પુસ્તકો ની સંખ્યા પંચોતેર (૭૫) જેટલી હતી.

**" માહે જમાદિલ આખિર સ.હિ. ૧૩૦૦ મેં બ-ફઝલેહિ બરૈલી, બદાયું, સંભલ, રામપૂર વગૈરાને મુત્તફેકા તરીકા સે મસ્અલએ તફઝીલ મેં આ'લા હઝરત સે મુનાઝરા કા એ'લાન કિયા. ઉસ વક્ત તક પચહત્તર (૭૫) કિતાબેં તસ્નીફ ફરમા ચુકે થે."**

**હવાલો**

"હયાતે આ'લા હઝરત"
લેખક : - અલ્લામા ઝફરૂદ્દીન બિહારી
પ્રકાશક : - કાદરી બુક ડીપો, બરૈલી
ભાગ-૧ પે.નં. ૧૨૦ અને ૧૩

ઉપરોક્ત વર્ણનીય હવાલા માં ૭૫, કિતાબો ની જે સંખ્યા છે તે સ.હિ. ૧૩૦૦ સુધી ની છે. સ.હિ. ૧૩૦૧ સુધી આ સંખ્યા ૧૦૦ (એકસૌ) કિતાબો સુધી પહોંચી શકે છે. ટુંકમાં ...... સ.હિ. ૧૩૦૧ માં થાનવી સાહેબ ફારિગુત-તેહસીલ થઇને એક સામાન્ય મોલ્વી નું પદ જ મેળવી શકયા હતા, ત્યારે આ'લા હઝરત ઈમામ અહમદ'રઝા' મોહદ્દિસે બરેલ્વી લગભગ એકસૌ જેટલી અજોડ અને અસાધારણ કિતાબો ના લેખક ની હેસિયત થી ઈસ્લામી વિશ્વ માં ખ્યાતી મેળવી ચુકયા હતા. આ પરિસ્થિતી માં આવો ગપગોળો ચલાવવો કે આ'લા હઝરત અને થાનવી સાહેબ એકી





સાથે અભ્યાસકરતા હતા. એ ઈતિહાસ ની નક્કર હકીકત ની ઠેકડી ઉડાવવા સમાન છે. આ એક એવું જુઠ્ઠાણું છે જેમાં સચ્ચાઇ નો એક અંશ પણ નથી.

વાચકો ની જાણકારી માં વધારો થાય, તે હેતુસર ઈમામ અહમદરઝા મોહદ્દિસે બરેલ્વી એ સ.હિ. ૧૩૦૧ સુધી માં લખેલી અજોડ કિતાબો પૈકી અમુક કિતાબો ના નામ અત્રે રજુ કર્યા છે.

- **શરહે હિદાયુન-નહવ** (અરબી) સ.હિ. ૧૨૮૦
  (ફકત આઠ વર્ષ ની વયે અરબી વ્યાકરણ ની કઠીન કિતાબ ની શરહે લખી)
- **હાશિયા મુસલ્લેમુસ-સુબૂત** (અરબી) સ.હિ. ૧૨૮૨
  (ફક્ત દસ વર્ષ ની નાની વયે લખેલી)
- **અલ-ઝિલાલુલ-અન્કા-મિન-બહરે-સબકતિલ-અત્કા** (અરબી) સ.હિ.૧૩૦૦
- **અન-નુજૂમુસ-સવાકિબ-ફી-તખ્રીજે-અહાદિસીલ-કવાકિબ** (અરબી) સ.હિ. ૧૨૯૬
- **અતાએબુલ-અકસીર-ફી-ઇમ્તિ-તકસીર** સ.હિ.૧૨૯૭
- **અર-રોવદુલ-બહીજ-ફી-આદાબિત-તખ્રીજ** (અરબી) સ.હિ. ૧૨૯૬
- **ઝૂ-ઉન-નિહાયા-ફી-આ'લામિલ-હમ્દે-વલ-હિદાયા** (અરબી) સ.હિ. ૧૨૮૫
- **અસ્સઅયુલ-મશ્કૂર-ફી-ઇબ્દાઇલ-હક્કિલ-મહજૂર** (અરબી) સ.હિ. ૧૨૯૦
- **ચઅબેરૂત-તાલિબ-ફી-શુયૂને-અબી-તાલિબ.** (ઉર્દૂ) સ.હિ. ૧૨૯૪
- **મતલેઉલ-કમરૈન-ફી-ઇબાનતે-સબકતિલ-ઉમરૈન** (ઉર્દૂ) સ.હિ. ૧૨૯૭

- એ'તેકાદુલ-ઇજતેનાબ-ફીલ-જમીલે-વલ-મુસ્તફા-વલ-આલે-વલ-અસ્હાબ (ઉર્દૂ) સ.હિ. ૧૨૯૮
- અલ-બુશરલ-આજેલા-મિન-તોહફિલ-આજેલા (અરબી) સ.હિ. ૧૩૦૦
- નકાઉન-નય્યેરા-ફી-શરહિલ-જૌહરા-મુલક્કબ-બેહિન-નય્યેરા (ઉર્દૂ) સ.હિ. ૧૨૯૫
- અહકામુલ-અહકામ-ફીત-તનાવુલે-મિન-યદીન-મિન-માલેહિ-હરામ (ઉર્દૂ) સ.હિ. ૧૨૯૮
- અન-નય્યેરતુલ-વદિય્યા-શરહે-જોહરતુલ-મદીઆ સ.હિ. ૧૨૯૫
- અન્ફસુલ-ફિક્ર-ફી-કુરબાનિલ-બકર (ઉર્દૂ) સ.હિ. ૧૨૯૮
- અલ-અમ્રો-એહતેરામિલ-મકાબિર (ઉર્દૂ) સ.હિ. ૧૨૯૮
- ઇકામતુલ-કિયામહ-અલા-તાઅનિલ-કિયામે-લે-નબીય્યીલ-તેહામા. (ઉર્દૂ) સ.હિ. ૧૨૯૯
- હુસ્નુલ-બરાઆ-ફી-તન્કીદે-હુકમિલ-જમાઆ (અરબી) સ.હિ. ૧૨૯૯
- અન્નઇમુલ-મુકીમ-ફી-ફરહતે-મૌલૂદિન-નબીય્યિલ-કરીમ (ઉર્દૂ) સ.હિ. ૧૨૯૯
- બઝ્ઝલુસ્સફા-બે-અબદિલ-મુસ્તફા (ઉર્દૂ) સ.હિ. ૧૩૦૦
- અલ-મકાલતુલ-મુસ્ફેરા-અન-એહકામિલ-બિદઅતિલ-મુકફ્ફેરા (અરબી) સ.હિ.૧૩૦૧
- અલ-મુજમલુલ-મુસદ્દદ-અન્ના-સાબલ-મુસ્તફા-મુર્તદ (અરબી, ઉર્દૂ) સ.હિ. ૧૩૦૧
- અલ-તુર્રતુલ-રદીયા-અલન-નય્યેરતિલ-વદીયા (અરબી) સ.હિ.૧૨૯૫





- મદ્દાહે-ફઝલે-રસૂલ સ.હિ.૧૩૦૦
- ફસલુલ-કઝા-ફી-રસ્મિલ-ઇફતા (અરબી) સ.હિ.૧૨૯૯
- અલ-તરાઝુલ-મઝહબ-ફીત-તઝવીજે-બેગૈરિલ-કફુ-વ-મુખાલેફિલ-મઝહબ (ઉર્દૂ) સ.હિ. ૧૨૯૯
- અબકરીયુલ-હસાન-ફી-ઇજાબતિલ-અઝાન (અરબી) સ.હિ. ૧૨૯૯
- સવારેકુન-નિસા-ફી-હદ્દિલ-મિસ્રે-વલ-ફના (અરબી) સ.હિ. ૧૩૦૦
- લમઅતુશ-શુમ્આ-ફી-ઇશતેરાતિલ-મિસ્રે-લિલ-જુમ્આ (અરબી) સ.હિ. ૧૩૦૦
- અહસનુલ-જુલૂહ-ફી-તહકીકિલ-મીલે-વલ-ઝરાએ-વલ-ફરાસિખે-વલ-ફુલૂહ (અરબી) સ.હિ. ૧૩૦૦
- મુરતજીયુલ-ઇજાબાત-લે-દુઆઇલ-અમવાત (ઉર્દૂ) સ.હિ. ૧૨૯૪
- સૈફુલ-મુસ્તફા-અલા-અદયાનિલ-ઇફતેરા (ઉર્દૂ) સ.હિ. ૧૨૯૯
- ફતહે-ખૈબર (ઉર્દૂ) સ.હિ. ૧૩૦૦
- હલ્લે-ખતાઉલ-ખત (ઉર્દૂ) સ.હિ. ૧૨૮૮
- જવાબહાએ-તુર્કી-બ-તુર્કી (ઉર્દૂ) સ.હિ. ૧૨૯૨
- તમ્બીહુલ-જુહાલ-બે-ઇલ્હામિલ-બાસિતિલ-મુતઆલ સ.હિ. ૧૨૯૨
- અન્નય્યરતુલ-રદિય્યહ-અલન-નય્યરતુલ-વદીય્યા (અરબી) સ.હિ. ૧૨૯૫
- કમરૂત-તમામ-ફી-નફીયીલ-ઝીલ્લે-અન-સય્યેદિલ-અનામ (ઉર્દૂ) સ.હિ. ૧૨૯૬

❁ નૂરે-અયની-ફીલ-ઇન્તેસારિલ-ઇમામ-અયની (અરબી) સ.હિ. ૧૨૯૬

❁ અલ-કલામુલ-બહી-ફી-તશબિહિસ-સિદ્દિકે-બિન-નબી (ઉર્દૂ) સ.હિ. ૧૨૯૭

❁ વજહુલ-મશૂક-બે-જલવતે-અસ્માઇસ-સિદ્દિકે-વલ-ફારૂક (ઉર્દૂ) સ.હિ. ૧૨૯૭

❁ નફીયુલ-ફૈય-અમ્મન-બે-નૂરેહિ-અનારા-કુલ્લા-શયઇ (ઉર્દૂ) સ.હિ. ૧૨૯૬

❁ અલ-મઘિદુત-તનકિહિલ-મહમૂદ સ.હિ. ૧૨૯૭

❁ સલ્તનતુલ-મુસ્તફા-ફી-મલ્કૂતે-કુલ્લિલ-વરા (ઉર્દૂ) સ.હિ. ૧૨૯૭

❁ અજલાલે-જિબ્રઇલ-બે-જઅલેહિ-ખાદિમન-લિલ-મહબૂબિલ-જલીલ (ઉર્દૂ) સ.હિ. ૧૨૯૮

❁ હુદલ-હયરાન-ફી-નફીઇલ-ફયએ-અન-શમ્સિલ-અકવાન (ઉર્દૂ) સ.હિ. ૧૨૯૯

❁ હમાઇદે-ફઝલે-રસૂલ (અરબી) સ.હિ.૧૩૦૦

❁ નઝરે-ગદા-દર-તહનિય્યતે-શાદિલ-અસરા (ઉર્દૂ) સ.હિ.૧૩૦૦

(૯) ઉપરોક્ત કિતાબો ઉપરાંત આ'લા હઝરત ઇમામ અહમદ 'રઝા' મોહદ્દિસે બરેલ્વી રદિયલ્લાહો અન્હો સ.હિ. ૧૩૦૧ સુધી માં બહોળી સંખ્યા માં હવાશી, શરાહો અને ફત્વાઓ લખી ચુકેલા. આપે સ.હિ. ૧૩૦૧ સુધી માં લખેલ અસંખ્ય ફત્વાઓ ''ફતાવા-રઝવીયા-શરીફ'' ના બાર (૧૨) ભાગો માં આલેખાયેલા દૃષ્ટિગોચર થાય છે. ફતાવા રઝવીયા શરીફ માં સ.હિ. ૧૩૦૧ સુધી લખેલા ફત્વાઓ પૈકી નાં એજ ફત્વાઓ છાપવા માં આવ્યા છે કે જે ફત્વાઓ મળી શકયા છે. જે ફત્વાઓ ની અસલ કોપી કે નકલ પ્રાપ્ત નથી થઇ શકી એવા ફત્વા પ્રકાશન પામી શકયા નથી, તેમ





છતાં પણ ''ફતાવા રઝવીયા'' ના બાર ભાગો માં સ.હિ. ૧૩૦૧ સુધી ના અનેક ફત્વા આલેખાયેલા છે.

ટુંક માં એટલું જ કે જયારે મોલ્વી અશરફઅલી થાનવી એક સામાન્ય વિદ્યાર્થી ની કક્ષા માં હતા, ત્યારે આ'લા હઝરત બરેલ્વી ઇલ્મ ના ઉછાળા મારતા સમુદ્ર ની હૈસિયત થી વિશ્વ ના ટોચના આલિમો માં મશ્હૂર, સ્વીકૃત અને આદરણીય હતા. આવી પરિસ્થિતી માં એવું કહેવું કે મોલ્વી અશરફઅલી થાનવી અને આ'લા હઝરત સાથે અભ્યાસ કરતા હતા, તે એક એવી ધૃણાસ્પદ ચેષ્ટા છે જે પ્રકાશિત સૂર્ય ને અરિસો દેખાડવા બરાબર છે.

(૧૦) સ.હિ. ૧૨૮૬ માં જયારે આ'લા હઝરત ઇમામ અહમદરઝા મોહદ્દિસ બરેલ્વી ''મુફ્તી'' બની ચુકેલા તે સમય દરમિયાન મોલ્વી અશરફઅલી થાનવી ની વાલેદા નો ઇન્તેકાલ થએલો. તે વખતે થાનવી સાહેબ ની વય ૫/૬ વર્ષ ની હતી. વાલેદા ના અવસાન બાદ થાનવી સાહેબ ની પરવરિશ થાનવી સાહેબ ના વાલિદે કરેલી.

તે અંગે નો હવાલો અત્રે પ્રસ્તુત છે

**" હઝરતે વાલા કી ઉમ્ર અભી ગાલિબન પાંચ સાલ હી કી થી કે વાલેદા મુશફફેકા કા સાય-એ-આતેફત સર સે ઉઠ ગયા."**

**હવાલો**

''અશરફુસ્સવાનેહ''

લેખકઃ- ખ્વાજા અઝીઝુલહસન

પ્રકાશકઃ- મકતબા તાલિફાતે અશરફિયા

ભાગ-૧,બાબ-૫, પેજ નં. ૧૮

(૧૧) મોલ્વી અશરફઅલી થાનવી સાહેબ પોતાની વાલેદા ના ઇન્તેકાલ બાદ સ.હિ. ૧૨૮૬ થી સ.હિ. ૧૨૯૫ સુધી પોતાના વાલિદ ની

દેખરેખ અને પાલન પોષણ હેઠળ હતા. સ.હિ. ૧૨૯૫ માં દારૂલ ઉલૂમ દેવબંદ માં દીની શિક્ષણ મેળવવા ગયેલા. સ.હિ. ૧૨૮૬ થી સ.હિ. ૧૨૯૫ સુધી માં એવા તોફાનો અને મસ્તીઓ કરતા હતા કે સંસ્કારી વ્યક્તિ તેઓના આવા તોફાનો વાંચી ને લજ્જા અને શરમ થી માથું ઝુકાવી લે.

થાનવી સાહેબ ના જીવન વૃતાંત ઉપર આલેખાયેલી આધારભૂત કિતાબો ના હવાલાઓ ના સૌજન્ય થી થાનવી સાહેબ ના જીવન ની અમુક ઘટનાઓ વાંચકો ની સેવા માં પ્રસ્તુત છે.

## પ્રસંગ નં. ૧

## મોલ્વી અશરફઅલી થાનવી એ પોતાના વાલિદ ના ખાટલા ના પાયા રસ્સી થી બાંધી દીધા.

થાન્વી સાહેબ પોતાના વાલેદા ના અવસાન બાદ જે તોફાની ચેષ્ટાઓ કરતા હતા, તેનું વર્ણન ગર્વ ની સાથે પોતાની મહેફીલો માં કરે છે. એક પ્રસંગ ખૂદ થાનવી સાહેબ ના શબ્દો માં રજુ કરીએ છીએં.

**"ખૂદ ફરમાતે થે કે એક દફા મુઝે કયા શરારત સુઝી કે બરસાત કા ઝમાના થા, મગર ઐસા કિ કભી બરસ ગયા, કભી ખુલ ગયા, મગર ચારપાઇયાં બાહિર હી બિછતી થીં, જબ બરસને લગા ચારપાઇયાં અંદર કરલીં, વાલેદા સાહેબા કા તો ઇન્તેકાલ હો ચુકા થા, બસ વાલિદ સાહબ ઔર ભાઇ હી મકાન મેં રેહતે થે. તીનોં કી ચારપાઇયાં મિલી હૂઇ બિછતી થીં. એક દિન મૈં ને ચુપકે સે તીનોં ચારપાઇયોં કે પાયે રસ્સી સે આપસ મેં ખૂબ કસ કર બાંધ દિયે. અબ રાત કો જો મેંહ બરસના શુરૂ હૂઆ, તો વાલિદ સાહબ જિધર સે ભી ઘસીટતે હૈં, તીનોં કી તીનોં ચારપાઇયાં એક સાથ ઘસીટતી ચલી આતી હૈં, રસ્સિયાં ખોલતે હૈં તો ખુલતી નહીં, ક્યુંકિ ખૂબ કસ કર બાંધી ગઇ થીં. કાટના ચાહા તો ચાકૂ નહીં મિલતા. ગર્ઝ બડી**





**પરેશાની હૂઈ ઔર બડી મુશ્કિલ સે પાએ ખુલ સકે, ઔર ચારપાઇયાં અંદર લે જા સકીં. ઇસ મેં ઇતની દૈર લગી કે ખૂબ ભીગ ગઈં. વાલિદ સાહેબ બડે ખફા હુએ કે યે કયા ના-મા'કૂલ હરકત હૈ."**

### હવાલો-૧

"અશરફુસ્સવાનેહ"

લેખક:- ખ્વાજા અઝીઝુલહસન

પ્રકાશક:- મકતબા તાલિફાતે અશરફીયા, થાના ભવન (યુ.પી.)

ભાગ-૧, બાબ-૫, પે.નં.-૨૦

### હવાલો-૨

"અલ-ઇફાદાતુલ-યવમિયા"

થાનવી સાહેબ ના કથનો નું સંગ્રહ

પ્રકાશક:- મકતબા દાનિશ, દેવબંદ (યુ.પી.)

ભાગ-૨, કિસ્ત-૧૦, મલ્ફૂઝ - ૮૩૭, પે. નં. ૪૭૪

વર્ણનીય પ્રસંગ હિ.સ. ૧૨૮૫ પછી નો છે. તે સમય નો છે કે જયારે ઈમામ અહમદરઝા મોહદ્દિસે બરેલ્વી દીની તાલિમ પુરી કરીને, મહાન મુફ્તી ની હૈસિયત થી દીન ની ખિદમત અને કિતાબો લખવા માં વ્યસ્ત હતા અને ત્યારે થાનવી સાહેબ મસ્તીખોર તોફાની બારકસ ની જેમ પોતાના પિતાજી ના ખાટલા ના પાયા રસ્સી દ્વારા બાંધી દઈને તેને વરસાદ ના પાણી માં પલાળી નાખવા ની "શરારત" માં વ્યસ્ત હતા.

સમજ માં નથી આવતું કે થાનવી સાહેબ ના જીવન વૃતાંત ના સંપાદક ખ્વાજા અઝીઝુલહસન ઉપરોક્ત તોફાની પ્રસંગ નું વર્ણન કરીને મિલ્લતે ઈસ્લામિયા ને ઉચ્ચ સંસ્કાર અને સભ્યતા નો કયો પાઠ ભણાવવા ઈચ્છી



www.Markazahlesunnat.com

રહયા છે? વર્ણનીય પ્રસંગ દ્વારા વાંચક વર્ગ કેવા પ્રકાર નો બોધ પાઠ મેળવશે? અથવા પછી ખલીફા હોવા ના નાતે ખલીફા તરીકે ની ફરજ અદા કરવા માં આવો ઢંગધડા વગર નો પ્રસંગ પણ લખી નાંખ્યો.

ઉપરોક્ત પ્રસંગ થી વધી ને થાનવી સાહેબ ની એક આશ્ચર્યજનક અને આઘાત નો આંચકો આપનારી બાળપણ ની એક શરારત જુઓ :-

## પ્રસંગ ૨

## થાનવી સાહેબ નું પોતાના ભાઈ ના માથે પેશાબ કરવું

પોતાના ભાઈ ના મસ્તક ને પોતાના મુત્ર દ્વારા તરબોળ કરી નાખવા ની પોતાની ધૃણાસ્પદ ચેષ્ટા ને કોઇ પણ જાત ની લજ્જા કે શરમ વગર થાનવી સાહેબ પોતાની મહેફીલ માં ગર્વ સાથે વર્ણન કરી રહયા છે. થાનવી સાહેબ ના કથનો ના સંગ્રહ ''અલ–ઈફાદાતુલ-યવમિયા મિનલ-ઈફદાતિલ-કૌમિયા'' માં ૧૭ શવ્વાલ સ.હિ. ૧૩૫૦ ની મજલિસ ના શિર્ષક હેઠળ પોતાના ભાઇ ના માથે પેશાબ કરવા ની શરમજનક ઘટના ખૂદ થાનવી સાહેબ ના શબ્દો માં નીચે મુજબ આલેખાયલી છે. જે અક્ષરસ અત્રે રજુ કરીયે છીએ.

**'' મૈં એક રોઝ પૈશાબ કર રહા થા. ભાઈ સાહબ ને આકર મેરે સર પર પૈશાબ કરના શુરૂ કર દિયા. એક રોઝ ઐસા હુવા કિ ભાઈ સાહબ પૈશાબ કર રહે થે, મૈં ને ઉનકે સર પર પૈશાબ કરના શુરૂ કર દિયા. ઇત્તેફાક સે ઉસ વક્ત વાલિદ સાહબ તશરીફ લે આએ. ફરમાયા યે કયા હરકત હૈ? મૈં ને અર્ઝ કિયા, એક રોઝ ઇન્હોં ને મેરે સર પર પૈશાબ કિયા થા. ભાઇ સાહબ ને ઉસકા કા બિલ્કુલ ઇન્કાર કર દિયા. મુખ્તસર સી પીટાઇ હુઇ. ઇસ લિયે કે મેરા તો દા'વા હી દા'વા રેહ ગયા થા, સુબૂત કુછ ન થા ઔર મેરે ફૈલ કા મુશાહેદા થા. ગર્ઝ, જો કિસી કો ન સુઝતી થી, વો હમ દોનોં ભાઇઓં કો સુઝતી થી.''**





## હવાલો

**''અલ-ઇફાદાતુલ-યવમીયા''**

**(થાનવી સાહેબ ના કથનો નું સંગ્રહ)**

**પ્રકાશક : - મકતબા દાનિશ, દેવબંદ (યુ.પી.)**

**ભાગ - ૨ કિસ્ત - ૧૦ મલ્ફૂઝ નં. ૮૩૭, પેજ નં. ૪૭૫**

મોલ્વી અશરફઅલી થાનવી ને દારૂલ ઉલૂમ દેવબંદ માં ઇમામ અહમદ 'રઝા' મોહદ્દિસે બરેલ્વી અલયહિર્રહમતો રિદવાન ના સહપાઠી હોવા નું જુઠાણું ચલાવનારાઓ ઉપરોક્ત પ્રસંગ વાંચી મૂંગા અને મુર્છિત થઇ જશે. કેમકે ઉપરોક્ત ઘટના તે સમય ની છે કે જયારે મોલ્વી અશરફઅલી થાનવી પોતાની વાલિદા ના ઈન્તેકાલ બાદ પોતાના વાલિદ ની દેખરેખ અને પાલન પોષણ હેઠળ હતા. એટલે કે હિ.સ. ૧૨૮૫ પછી ના ઘણા સમય પછી ની છે. અને તે સમયે થાનવી સાહેબ ની વય ફક્ત પાંચ વર્ષ નહીં પણ પાંચ વર્ષ થી વધુ હશે. કેમકે વર્ણનીય પ્રસંગ ની દરેક ઘટના થાનવી સાહેબે વિસ્તારપૂર્વક વર્ણન કરી છે. જેમ કે અગાઉ ભાઇ સાહેબે પોતાના માથે પૈશાબ કરેલો, બદલો લેવા થાનવી સાહેબે પોતાના ભાઇ ના માથે પૈશાબ કર્યો, પૈશાબ કરતી વેળા એજ પિતાજી નું આગમન, પોતાના પિતા ના શબ્દો, પોતાના બચાવ માં થાનવી સાહેબે કરેલી રજુઆત, રજુઆત અસ્વીકૃત, પિતાજી દ્વારા થયેલી ધોલાઇ વગેરે દરેક બાબત વર્ણવી છે.

ઉપરાંત, એક મહત્વ ની અને લક્ષ ને પાત્ર બાબત એ છે કે થાનવી સાહેબે ઉપરોક્ત પ્રસંગ પોતાની ૧૭, શવ્વાલ સ.હિ. ૧૩૫૦ ની બેઠક માં વર્ણવેલ છે. સ.હિ. ૧૩૫૦ માં થાનવી સાહેબ ની ઉમર સીત્તેર વર્ષ ની હતી. જેનો અર્થ એ થયો કે ઉપરોક્ત પૈશાબ કરવા ની ઘટના થાનવી સાહેબ ને પોતાના જીવન ના સીત્તેરમા વર્ષે પણ સંપૂર્ણ પણે યાદ હતી. એ ઘટના ના દરેક પાસા, પાત્રો અને પરિણામ સંપૂર્ણ પણે યાદ હતા. હવે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે આ પ્રસંગ વખતે થાનવી સાહેબ ની વય કેટલી હતી?

એ વાત તો પૂરવાર થઈ ચુકી છે કે પાંચ વર્ષ ની ઉમર ની કોઇ પણ વાત થાનવી સાહેબ ને યાદ ન હતી. ત્યાં સુધી કે થાનવી સાહેબ ને પોતાની વાલિદા નો ચહેરો પણ યાદ ન હતો. જેનો પુરાવો અત્રે પ્રસ્તુત છે.

**"હઝરતે વાલા ફરમાયા કરતે હૈં કિ મુઝે અપની વાલિદા સાહેબા કી સુરત-શક્લ તો પૂરે તૌર સે યાદ નહીં, લેકીન જબ ખ્યાલ કરતા હૂં, તો ઇતના યાદ આતા હૈ કિ એક ચારપાઇ પર પાઇન્તી કી તરફ બૈઠી હૈં. બસ યે હયઅત ઝહન મેં બાકી રેહ ગઇ હૈ ઔર કુછ યાદ નહીં રહા, ક્યુંકિ મૈં બહોત હી છોટા થા. ચાર પાંચ સાલ કી ઉમ્ર હી ક્યા હોતી હૈ."**

**હવાલો**

"અશરફુસ્સવાનેહ"
લેખકઃ- ખ્વાજા અઝીઝુલ હસન
પ્રકાશક : - મકતબા તાલીફાતે અશરફિયા, થાનાભવન (યુ.પી.)
ભાગ - ૧ બાબ-૫ પેજ નં. ૧૮

વર્ણનીય ફકરા દ્વારા એ વાત પૂરવાર થઇ કે થાનવી સાહેબ ને પાંચ વર્ષ ની વય ની કોઇ વાત યાદ નહોતી. ત્યાં સુધી કે પોતાની વાલિદા ની શક્લો-સૂરત પણ યાદ નહોતી. માં-બાપ નો ચહેરો ઔલાદ કદી પણ ભુલી શકે નહીં. ઔલાદ ને બાળપણ માં પોતાના માં-બાપ નો જોએલો ચહેરો જીવન ની અંતિમ ક્ષણો સુધી યાદ રહે છે. તેના માનસ પટ માં માં-બાપ ની છબી એવી અંકિત થઇ જાય છે કે તેને કદી વિસરી શકતો નથી. પણ થાનવી સાહેબ ને પાંચ વર્ષ ની ઉમરે પોતાની વાલિદા નો જોએલો ચહેરો પણ યાદ રહેલો નહીં. તો જ્યારે થાનવી સાહેબ ને પાંચ વર્ષ ની વયે જોએલો પોતાની સગી માં નો ચહેરો યાદ રહેલો નહીં તો અન્ય બાબતો નિઃશંક યાદ નહોતી. જેનો અર્થ એ થયો કે થાનવી સાહેબે પોતાના ભાઇ ના માથે મુત્ર-છંટકાવ ની જે ચેષ્ટા કરેલી તે વખતે થાનવી સાહેબ ની વય પાંચ વર્ષ ની હરગીઝ





નહોતી પરંતુ પાંચ વર્ષ કરતાં વધુ હતી. પોતાના ભાઈ ના માથે "પૈશાબ ના છબછબીયા" કરવા ની ચેષ્ટા જો થાનવી સાહેબે પાંચ (૫) વર્ષ ની વયે કરી હોત તો એ ઘટના પણ થાનવી સાહેબ પોતાના વાલેદા ના ચહેરા ની જેમ ભૂલી ગયા હોત.

પણ.... આ ઘટના થાનવી સાહેબ ને પોતાની ઉમર ૭૦ વર્ષ ની થઇ એટલે કે સ.હિ. ૧૩૫૦ સુધી બરાબર યાદ હતી. ઘટના નું મુખ્ય કારણ પણ યાદ હતું. કેમકે એક દિવસ તેઓના બિરાદરે તેઓના માથે "મુત્ર ધોધ" વહેતો કરેલો, જેથી ઉશ્કેરાઇ ને બદલો લેવાની ભાવના થી થાનવી સાહેબે પોતાના ભાઇનું અનુકરણ કરીને ભાઇ સાહેબ ના માથે "મુત્ર જલ છંટકાવ" ની ચેષ્ટા કરી નાંખી, પણ હાય, હાય, કમનસીબી.......! મુખ્ય સીન વખતે જ ફાધર ની એન્ટ્રી થઇ અને થાનવી સાહેબ ના 'ડેડી' એ પોતાની આંખે પોતાના લખ્તે-જિગર નું પરાક્રમ જોયું. નારાઝગી વ્યક્ત કરી એટલે થાનવીજી એ પોતાના બચાવ માં પોતાના ભાઇ સાહેબ ની "સુન્નત" પર અમલ કરવાનું કારણ બતાવ્યું. પણ તે બચાવ 'લૂલો' પૂરવાર થયો અને પરિણામે 'પપ્પા' એ થાનવી સાહેબ ને ઠમઠોરી નાંખ્યા. આ સમગ્ર પ્રસંગો થાનવી સાહેબ 'ગર્વ' ની સાથે પોતાની મહેફિલ માં વર્ણન કરી રહયા છે. જેનો અર્થ એ થયો કે એ વખતે થાનવી સાહેબ ની વય પાંચ વર્ષ ની નહોતી. વચગાળા નો અંદાઝો કરીએ તો પણ ઓછા માં ઓછી દસ વર્ષ ની વય હતી. એટલે અંદાઝે સ.હિ. ૧૨૯૦ નો પ્રસંગ ગણી શકાય અને તે વખતે ઈમામ અહમદ રઝા મોહદ્દિસે બરેલ્વી ને મુફ્તી બની ગયા ને પાંચ વર્ષ નો ગાળો પસાર થઇ ગયેલો.

અને......! જો માની પણ લઇએ કે થાનવી સાહેબ ની વય છ વર્ષ ની જ હતી તો પણ એ પૂરવાર થશે કે સ.હિ. ૧૨૮૬ માં ઈમામ અહમદ રઝા મુફ્તી બની ગયેલા, ત્યારે થાનવી સાહેબ પોતાના ભાઇ ના માથે પૈશાબ કરવા જેવા 'પરાક્રમો' કરવા માં વ્યસ્ત હતા. આવા સંજોગો માં થાનવી સાહેબ નું ઈમામ અહમદ 'રઝા' મોહદ્દિસે બરેલ્વી ના સંગાથે અભ્યાસ કરવો શકય જ નથી, બલ્કે તેવી કલ્પના કરવી પણ અશકય છે.

મોલ્વી અશરફઅલી થાનવી એ દારૂલ ઉલૂમ દેવબંદ માં સ.હિ. ૧૨૯૫

માં પ્રવેશ મેળવવા પૂર્વે ''હાફિઝ'' નો કોર્સ કરેલો. પરંતું હાફિઝે કુરઆન થઇ જવા છતાં પણ તેઓ ના તોફાન મસ્તી સતત ચાલુ જ હતા. બલ્કે હાફિઝ થયા બાદ તો નમાઝ ની હાલત માં પણ તોફાની પરાક્રમો કરેલા. વાંચક વર્ગ ની સેવા માં નીચે નો હવાલો પ્રસ્તુત કરીએ છીએ જે વાંચી આ વાત ચોક્ખી થઇ જશે કે વહાબી-તબ્લીગી જમાઅત ના હકીમુલ ઉમ્મત કહેવાતા મોલ્વી અશરફઅલી થાનવી સાહેબ કુરઆન ના હાફિઝ થઇ ગયા છતાં પણ પોતાના તોફાની પરાક્રમો થી દૂર રહેતા ન હતા. કારણ કે વહાબી તબ્લીગી જમાઅત ના હકીમુલ ઉમ્મત પોતાની આદતો થી મજબૂર હતા, નસે નસ માં મઝાક મસ્તી ભરેલી હતી.

ખૂદ થાન્વી સાહેબ નું કથન છે કે ''જો કિસી કો ન સુઝતી થી, વોહ હમ દોનોં ભાઇયોં કો સુઝતી.'' આ વાકય મુજબ થાનવી સાહેબ ને એક વિચિત્ર શરારત સુઝી. સામાન્ય રીતે થાનવી સાહેબ તોફાન તો કરતા જ હતા, પણ હવે નમાઝ ની હાલત માં પોતાની 'શરારત' ની લાયકાત બતાવી રહયા છે.

## પ્રસંગ નં. ૩

### ''થાનવી સાહેબે નમાઝ માં હાફિઝજી ને થાપ આપી ખડખડાટ હસી પડયા અને નમાઝ તોડી નાંખી''

થાનવી સાહેબે નમાઝ માં હાફિઝ સાહેબ ને થાપ ખવડાવી, હસી પડયા અને નમાઝ તોડી નાંખવા નું પ્રસંગ ખૂદ થાનવી સાહેબ ના ખાસ ખલીફા પોતાની કિતાબ માં આવી રીતે વર્ણવે છે કે : ---

**'' ઔર એક વાકેઆ હિફ્ઝે કલામે મજીદ કે બાદ કા યાદ આયા. એક નાબીના હાફિઝ થે, જિન કો કલામે મજીદ બહુત પુખ્તા યાદ થા. ઔર ઉસકા ઉનકો નાઝ ભી થા. ઉનકો હઝરતે વાલા કબ્લે બુલૂગ નવાફિલ મેં કલામે મજીદ સુનાયા કરતે થે. એક બાર રમઝાન શરીફ મેં દિન કો ઉનસે કલામ મજીદ કા દૌર**





**કર રહે થે. હઝરતે વાલા ને ઉનકો દૌર કે વક્ત મુ-ત-નબ્બેહ કર દિયા કિ હાફિઝજી ! મૈં આજ તુમકો ધૌકા દૂંગા ઔર યે ભી બતાએ દેતા હૂં કે ફલાં આયત મેં ધૌકા દૂંગા. હાફિઝજી ને કહા જાઓ ભી, તુમ મુઝે કયા ધૌકા દે સકતે હો, બડે બડે હાફિઝ તો મુઝે ધૌકા ન દે સકે. હઝરતે વાલા સુનાને કે લિયે ખડે હુએ ઔર ઇસ આયત પર પહોંચે ''ઇન્નમા-અન્તા-મુન્ઝરૂવ-વ-લે-કૌમિન-હાદ'' બહુત તરતીલ કે સાથ પળ્હા, જૈસા કી રૂકૂઅ કે કરીબ હઝરતે વાલા કા મા'મૂલ હૈ. ઉસકે બાદ ઉસસે આગે જબ ''અલ્લાહો-યઅલમો'' અલ અખ, પઢને લગે તો લફ્ઝે ''અલ્લાહો'' કો ઇસ તરહ બઢાકર પઢા કે જૈસે રૂકૂઅ મેં જા રહે હોં ઔર તકબીર યા'ની અલ્લાહો અકબર કહેને વાલે હોં, બસ હાફિઝ યે સમઝ કર કે રૂકૂઅ મેં જા રહે હૈં ફૌરન રૂકૂઅ મેં ચલે ગએ. ઇધર હઝરતે વાલા ને આગે કિરઅત શુરૂ કર દી ''યઅલમો-મા-તહમિલો'' અલ અખ. અબ ઇધર હાફિઝજી તો રૂકૂઅ મેં પહોંચે ઔર ઇધર કિરઅત શુરૂ હો ગઇ. ફૌરન હી હાફિઝજી સીધે હોકર ખડે હુએ. ઇસ પર હઝરતે વાલા કો બે-ઇખ્તિયાર હંસી આ ગઇ ઔર કહકહા માર કર હંસ પડે ઔર હંસી સે ઇસ કદર મગલૂબ હુએ કિ નમાઝ તોડકર અલગ હો ગએ.''**

## હવાલો

''અશરફુસ્સવાનેહ''
લેખક : - ખ્વાજા અઝીઝુલ હસન
પ્રકાશક :- મકતબા તાલીફાતે અશરફિયા, થાના ભવન (યુ.પી.)
ભાગ-૧, બાબ-૫, પેજ નં. ૨૦

થાનવી સાહેબ ને ઇમામ અહમદ 'રઝા' મોહદ્દિસે બરેલ્વી રહેમતુલ્લાહ અલયહે ના સહપાઠી હોવા નો પોકળ દાવો કરનારા તત્વો વર્ણનીય પ્રસંગ

થી બોધ ગ્રહણ કરે કે કુરઆન શરીફ ના હાફિઝ થઇ ગયા પછી જયારે થાનવી સાહેબ નમાઝ માં ધૌકા બાઝી ની હરકત કરી રહયા હતા અને દારૂલ ઉલૂમ માં પ્રવેશ પણ નહોતો મેળવ્યો, ત્યારે ઇમામ અહમદ રઝા મોહદ્દિસ બરેલ્વી 'ઇલ્મે-લદુન્ની' ના વિશાળ સમુદ્ર વડે ઇસ્લામી જગત ના ઇલ્મ થી પ્યાસા લાખો લોકો ની પ્યાસ બુઝાવી રહયા હતા.

બંને નાં જીવન પ્રસંગો ઇતિહાસ ની ગવાહી દ્વારા ચકાસવા માં આવશે, તો એ હકીકત મધ્યાહ્‌ન ના સૂર્ય ની જેમ પ્રકાશિત થઇ જશે કે બન્ને ના એકી સાથે અભ્યાસ કરવા નો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી.

વર્ણનીય પ્રસંગ દ્વારા થાનવી સાહેબ ના તોફાની માનસ ની પણ ઓળખાણ થાય છે. પ્રથમ તો એ કે, થાનવી સાહેબ પરાક્રમ કરવા નું પહેલે થી જ વિચારી રહયા હતા. કે આજે શું પરાક્રમ કરી દેખાડું? મંથન અને મનન પછીજ નિર્ણય કર્યો કે આજે તો મારી શરારત ની કળા ના ઝવેરાતો ને હાફિઝજી ને નમાઝ માં થાપ આપીને ઝળહળતા કરૂં અને પોતાના નિર્ણય માં સંપૂર્ણપણે સફળ થવા માટે અગાઉ થી જ કુરઆન મજીદ ની આયત ની પસંદગી કરી લીધી.

તે આયત ને તરતીલ થી કેવી રીતે પઢવી કે જેથી હાફિઝ સાહબ થાપ ખાઇ જાય, તે પણ નક્કી કરી લીધું. પોતાની દગાબાજી ની કળા પર થાનવી સાહેબ ને એટલી હદે વિશ્વાસ હતો કે હાફિઝજી ને ચેતવી પણ દિધા. ફકત ચેતવણી જ ન આપી પણ વિગતવાર માહિતી પણ પ્રદાન કરી કે હાફિઝજી .......! ફલાણી આયત માં થાપ આપીશ.

જેનો અર્થ એ થયો કે થાનવી સાહેબ ને પોતાની થાપવિદ્યા પર અટલ વિશ્વાસ હતો. હાફિઝજી ને પોતાની યાદ શક્તિ પર પૂરો ભરોસો હતો, જેથી જ થાનવી સાહેબ ને પ્રત્યુત્તર માં કહયું કે '' જાઓ ભી, તુમ મુઝે કયા ધૌકા દે સકતે હો, બડે બડે હાફિઝ તો મુઝે ધૌકા ના દે સકે'' પરંતું હાફિઝ સાહેબ એ હકિકત થી અજાણ હતા કે હું જેને સામી ચેલેન્જ આપી રહયો છું તે વ્યક્તિ ધૌકે બાજી ની કળા માં નિપૂર્ણ છે. બલ્કે ધૌકેબાઝ લોકો ના સરદાર માં તેની ગણના થઇ શકે. પરિણામે હાફિઝજી થાપ ખાઇ ગયા.





હવે, થોડી વાર થાનવી સાહેબ ની ધૌકેબાજી કે જે તેમણે નમાઝ માં કરી, તેના વિશે થોડી ચર્ચા કરીએ. ઇમામ તરીકે થાનવી સાહેબ નમાઝ માં કુરઆન મજીદ ની મુકદ્દસ તિલાવત કરી રહયા હતા, પણ ખુશૂઅ અને ખુઝૂઅ એટલે એકાગ્રતા નામની પણ નથી, કેમકે મગજ માં તો એકજ વાત ઘુમરી ખાઇ રહી છે કે કયારે ફલાણી આયતે પહોંચું અને એને તરતીલ થી પઢી ને હાફિઝજી ને થાપ આપું. કુરઆન ની કિરઅત તો કરી રહયા છે, પણ સમગ્ર ધ્યાન એ આયત પ્રત્યે જ કેન્દ્રિત છે કે જે આયત માં હાફિઝજી ને થાપ આપવા ના છે. અંતે... તે આયત ની તિલાવત ની ઘડી પણ આવી પહોંચી. થાનવી સાહેબ સતર્ક બની ગયા. હાફિઝજી ને થાપ આપવા ના પ્રથમ તબક્કા રૂપે તે આયત ને તરતીલ થી એટલે કે એક ખાસ લહેકા થી પઢી કે તે દ્વારા સાંભળનારો અનુમાન કરે કે હવે ઇમામ સાહેબ કિરઅત પુરી કરીને 'રૂકૂઅ' માં જવા ની તૈયારી માં છે. ઉપરાંત કુરઆન ની ''અલ્લાહો-યઅલમો'' વાળી આયત માં ''અલ્લાહો'' શબ્દ ને ખેંચી ને એવી રીતે પઢી કે જાણે રૂકૂઅ માં જવાનો સંકેત આપી રહયા હોય. થાનવી સાહેબ ની પાછળ ઉભેલા હાફિઝ સાહેબ સમઝયા કે થાનવી સાહેબ રૂકૂઅ માં ચાલ્યા ગયા છે. આજ ઘડી મહત્વપૂર્ણ હતી. અહીં જ થાનવી સાહેબ થાપ આપવા ના હતા. બિચારા હાફિઝજી તો રૂકૂઅ માં ચાલ્યા ગયા અને થાનવી સાહેબે આગળ કિરઅત શરૂ કરી દિધી.

હવે જરા વિચારો! થાનવી સાહેબ ઇમામ તરીકે તો આગળ ઉભા હતા. નમાઝ માં દરેક નમાઝી ની દ્દષ્ટી સજદા ની જગ્યા એ કેન્દ્રિત હોય છે. પાછળ શું થઇ રહયું છે તેની તેને જાણ હોતી નથી. પરંતું અહિંયા પ્રશ્ન એ થાય છે કે, થાનવી સાહેબ આગળ થી પાછળ તરફ કઇ રીતે જોઇ રહયા હતા કે હાફિઝજી રૂકૂઅ માં ચાલ્યા ગયા છે? સૌ ટકા તેમણે પાછળ ફરી ને જોયું હશે. હવે, જયારે હાફિઝજી રૂકૂઅ માં ચાલ્યા ગયા અને થાનવીજી એ આગળ કિરઅત શરૂ કરી દિધી ત્યારે હાફિઝજી ને સમજાયું કે ખરેખર હું થાપ ખાઇ ગયો. આખરે છોકરાએ મને ધૌકો આપી દિધોજ. એટલે તેઓ રૂકૂઅ થી તરતજ કયામ માં આવી ગયા. હાફિઝ સાહેબ ના રૂકૂઅ માં જવાની અને પરત ફરવા ની દરેક પ્રવૃતી થાનવી સાહેબ આગળ ઉભા

હોવા છતાં બરાબર નિહાળી રહયા હતા. હવે, જોયું કે પોતાની યુક્તિ સંપૂર્ણ સફળ થઇ એટલે આનંદ વિભોર થઇ ગયા. સફળતા ના આનંદ નો અતિરેક થયો, મન નો હરખ ઉભરાણો અને છલકાણો. પરિણામે ચાલુ નમાઝ માં જોર થી ખડખડાટ હસી પડયા. હાસ્ય નો આવેગ પણ એટલો તીવ્ર હતો કે નમાઝ તોડી નાખી.

વહાબી-તબ્લીગી જમાઅત ના હકીમુલ ઉમ્મત થાનવી સાહેબ ની હિકમતે અમલી જુઓ, નમાઝ માં પણ મઝાક-મશ્કરી કરી રહયા છે. નમાઝ ઈસ્લામ નો મહત્વ નો સ્થંભ છે. તમામ ઈબાદતો થી નમાઝ ની ઈબાદત સર્વોચ્ચ છે. દરેક મોમીન નમાઝ ની અદબ, માન-મર્યાદા અને સમ્માન જાળવે છે, અરે, ત્યાં સુધી કે ગેર મુસ્લિમો સુધ્ધાં નમાઝ નું માન જાળવે છે. ઘણી વખત અનુભવ થયો છે કે ટ્રેન માં પ્રવાસ કરતી વખતે ટ્રેન ના કમ્પાર્ટમેન્ટ માં ઘણા ગેર-મુસ્લિમો પણ સહ પ્રવાસી હોય છે. વાતો ના ગપાટા ચાલતા હોય, મઝાક મસ્તી કરી રહયા હોય અને તેવા વાતાવરણ માં નમાઝ નો સમય થાય અને કોઇ મુસ્લિમ પ્રવાસી નમાઝ પઢવા લાગે, તો અન્ય બિન મુસ્લિમ પ્રવાસીઓ શાંત થઇ જશે અને નમાઝ પઢનાર પ્રવાસી ની ઈબાદત માં ખલેલ ના પહોંચે તેનું ધ્યાન રાખશે.

પણ, હાય અફસોસ..........!

વહાબી-તબ્લીગી જમાઅત ના લોકો જેને 'હકીમુલ ઉમ્મત' કહેવા માં ગર્વ અનુભવે છે, તે થાનવી ''નમાઝ'' ની કેવી ક્રુર મશ્કરી કરી રહયા છે. નમાઝ ને શરારત કરવા માટે નું મેદાન સમજી રહયા છે અને એ પણ કયારે? હાફિઝે કુરઆન થઇ ગયા બાદ. જેણે કુરઆન શરીફ ના ત્રીસ પારા પોતાના સીના માં ઉતારેલા, એના હૃદય માં નમાઝ ની અઝમત માટે થોડી જગ્યા પણ નહોતી. શરારત કરવાનું મન થયું તો શરારત નમાઝ માંજ સુઝી અને એ પણ કુરઆન મજીદ ની મુકદ્દસ આયત પઢી ને દગાબાઝી કરવાની યુક્તિ દ્વારા........!!!

બની શકે કે કોઇ વાંચક ને અગાઉ ના પૃષ્ઠો માં મારૂં તે વાકય કે જે થાનવી સાહેબ વિષે લખ્યું છે કે '' ધૌકેબાઝ લોકો ના સરદાર માં તેઓની ગણના થઇ શકે'' વાંચી ને આંચકો લાગ્યો હોય અને તે વાકય ના ગમ્યું





હોય, પરંતું થાનવી સાહેબ દગાબાઝી ની કળા માં કેટલા નિષ્ણાત હતા તે જાણવા માટે થાનવી સાહેબ ના ખાસ ખલીફા ખ્વાજા અઝીઝુલ હસન શું ફરમાવે છે? તે જોઇએ...

**'' હઝરતે અકદસ કિસી કામ સે ફારિગ હોતે હી ફૌરન તસ્બીહ સંભાલતે થે ઔર બાઝ અવકાત મઝાહન ફરમાતે કે મૈંને ઇસ કા નામ ''જાલ'' રખા હૈ. કયુંકિ ઇસીસે લોગ ફંસતે હૈં''**

**હવાલો**

''ખાતે-મતુસ્સવાનેહ''
લેખક: ખ્વાજા અઝીઝુલ હસન
પ્રકાશક : મકતબા તાલિફાતે અશરફિયા, થાના ભવન (યુ.પી.)
આવૃતી બીજી પે.નં. ૪૮

''તસ્બીહ'' ને જાળ કહી તેના દ્વારા લોકો ફસાય છે તેવું કેહનાર થાનવી સાહેબ ની વાણી વિશે કંઇ પણ વિવેચન કરતા પહેલા નીચે વર્ણવેલ પ્રસંગ વાંચવા વિનંતી છે : —

**''એક શખ્સ દુરવૈશ યહાં આએ થે મુરીદોં કો ખૂબ રોટીયાં ખિલાઇ હત્તા કે છે હઝાર કે મકરૂઝ હો ગએ. મુઝે કેહને લગે કે મુઝ કો યેહ ઉમ્મીદ થી કે મુરીદોં સે વુસૂલ હો જાએગા. મગર કુછ ભી નહીં હુવા. આપ ફલાં રિયાસત કે પ્રેસીડન્ટ કો સિફારીશ લિખ દેં કે વોહ ઇતની રકમ કર્ઝ દે દેં. મૈં ને લિહાઝ મેં દબ કર લિખ દિયા, લેકિન ઇસ ખ્યાલ સે કે ઉન પર બાર ન પડે, ઇસ લિયે બ-મસ્લેહત એક ખત ડાક સે લિખ કર રવાના કર દિયા કે ઇસ કિસ્મ કા ખત અગર કોઇ શખ્સ લાએ તો મેરી તરફ સે ઇસ કો મુહતમ બિશ્શાન ન સમઝા જાએ. જો મુનાસિબ હો અમલ કિયા જાએગા. અબ ઇસ સૂરત મેં મેરી તરફ સે ઉન પર કોઇ બાર ન રહેગા. જો ઇનકો મુનાસિબ મા'લૂમ હોગા, વોહ કિયા હોગા.''**

## હવાલો નં. : ૧

''હુસ્નુલ અઝીઝ''
સંપાદક : હકીમ મોલ્વી મુહમ્મદયૂસુફ બિજનૌરી
પ્રકાશક : મકતબા તાલિફાતે અશરફિયા થાના ભવન (યુ.પી.)
ભાગ-3, હિસ્સા-૧, કિસ્ત-૧૨, પેજ નં. - ૧૦૨

## હવાલો નં. : ૨

''કમાલાતે-અશરફિયા'' (પ્રકાશન - ૧૯૯૫)
થાનવી સાહેબ ના કથનો નું સંગ્રહ,
પ્રકાશક : ઇદારા તાલીફાતે અશરફીયા, થાના ભવન (યુ.પી.)
બાબ-૧, મલ્ફૂઝ-૬૦૩ પે.નં.- ૧૪૨

ઉપરોક્ત ફકરા વિષે કોઇ પણ જાત નું વિવેચન કરતાં પહેલા એક બીજો ફકરો પણ વાંચી જઇએ. જે ઉપર ના ફકરા થી મળતો આવે છે અને દગાબાઝી ની કળા વિષે જ છે. ખૂદ થાનવી સાહેબ પોતાની દગાબાઝી ના પરાક્રમ ને તેમની મજલિસ માં શૈખી સ્વરૂપે, આવી રીતે બ્યાન કરે છે... કેઃ-

> **''બા'ઝ લોગ મુઝે મજબૂર કરતે હૈં કિ યે મઝમૂન સિફારિશ કા લિખ દો, મૈં ઉનસે કેહ દેતા હૂં કિ અચ્છા તુમ ઉસકા મુસવ્વદા કર લાઓ. મૈં ઉસકી નકલ કર દૂંગા, ચુનાંચે વોહ અપની હસ્બે મન્શા લિખ લાતે હૈં. મૈં ઉસકી નકલ કરકે રવાના કર દેતા હૂં. મગર પીછે સે ફૌરન એક કાર્ડ મેં લિખકર ડાક મેં ભેજ દેતા હૂં કિ ફલાં મઝમૂન કા ખત તુમ્હારે પાસ પહોંચેગા. વોહ મેરા મઝમૂન નહીં હૈ. તુમ ઉસકે મુવાફિક અમલ કો ઝરૂરી ન સમઝના.''**





## હવાલો નં. ૧

''હુસ્નુલ અઝીઝ''
પ્રકાશક : મકતબા તાલીફાતે અશરફિયા, થાના ભવન
ભાગ-૨, હિસ્સા-૨, કિસ્ત-૧૫, મલ્ફૂઝ-૧૩૮
પે.નં. ૨૩

## હવાલો નં. ૨

''કમાલાતે અશરફિયા''
પ્રકાશક : ઇદારા તાલીફાતે અશરફિયા, થાના ભવન
(પ્રકાશન ઈ.સ. ૧૯૯૫)
બાબ-૨, મલ્ફૂઝ-૫૦, પેજ નં. ૩૨૫

વાંચક મિત્રો ને નમ્ર વિનંતી કે ઉપરોક્ત ત્રણેય ફકરાઓ ને એક વખત નહીં પણ અનેક વખતે શાંત ચિત્તે વાંચો અને થાનવી સાહેબ ની દંભીવૃત્તિ ને દાદ આપો. ''ખાતેમતુસ્સવાનેહ'' ના હવાલા થી જે ફકરો રજુ કર્યો છે, તેમાં થાનવી સાહેબ નું કથન ''મૈં ને તસ્બીહ કા નામ ''જાલ'' રખા હૈ, ક્યૂંકિ ઈસી સે લોગ ફંસતે હૈં'' દ્વારા થાનવી સાહેબ ની વૃત્તિ ઉઘાડી પડી રહી છે.

''તસ્બીહ'' (માળા) કે જે ઇબાદત નું પ્રતિક છે તેને થાનવી સાહેબ ''જાળ'' કહીને પોતાની ''માયા-જાળ'' બિછાવી રહયા છે. અને તેનું કારણ થાનવી સાહેબ એ કહી રહયા છે કે ''ઈસીસે લોગ ફંસતે હૈં'' તો શું થાનવી સાહેબ લોકો ને ફસાવવા માટે જ હાથ માં તસ્બીહ રાખીને ''આ જા, ફસા-જા'' નો વિર્દ પઢતા હતા.

શું તબ્લીગી જમાઅત ના મોટા ભાગ ના મુબલ્લિગો (પ્રચારકો) આ હેતુસર જ દરેક સમયે હાથ માં તસ્બીહ લઇને ફર્યા કરે છે? આજ કારણ છે કે ઇસ્લામી સમાજ ના કરોડો ભલા ભોળા મુસ્લિમો આ લોકો ના ઝભ્ભા,

પાઘડી અને તસ્બીહ જોઇને ધોકો ખાઇ ગયા અને તેઓની માયાજાળ નો શિકાર બની ને તેઓની સાથે ગુમરાહી ના પંથે ચાલી નિકળયા.

બીજા અને ત્રીજા ફકરા માં ખૂદ થાનવી સાહેબ એકરાર કરે છે કે હૂં લોકો ને ધોકો આપું છું અને તેઓની સાથે છેતરપિંડી કરૂં છું કેમકે એક દુરવેશ છ હઝાર ના કરઝદાર હતા. તેમણે થાનવી સાહેબ ને વિનંતી કરી કે ફલાણા રાજય ના પ્રેસીડન્ટ ને એક ભલામણ પત્ર લખી આપો કે તેઓ મારા કરજ ને ભરપાઇ કરી આપવા ની વ્યવસ્થા કરી આપે. થાનવી સાહેબે દુરવેશ ની વિનંતી નો સ્વિકાર કરીને ભલામણ પત્ર લખી ને દુરવેશ ને હાથોહાથ આપી દિધો.દુરવૈશ તો ખુશ થઇ ગયા હશે કે વાહ! કામ થઇ ગયું! હઝરત થાનવી સાહેબ એ મારૂં કામ કરી આપ્યું. તે દુરવેશ ખુશી ખુશી થાનવી સાહેબ નો પત્ર લઇને, પ્રવાસ ની તકલીફો વેઠી ને જયારે રિયાસત ના પ્રેસીડન્ટ પાસે ગયા હશે. મન માં આશા નો સમુદ્ર ઉછાળા મારતો હશે કે પત્ર આપતા ની સાથે જ મારૂં કામ થઇ જશે.

પણ... એ દુરવેશ ને શું ખબર કે જે પત્ર ને પોતાની ઇચ્છા અને આરઝૂ પુરી કરનારો સમજી ને, અમૂલ્ય દસ્તાવેજ ની જેમ સાચવી રહયો છે, તે હવે રદ્દી નો કાગળ બની ગયો છે. કારણ કે, જયારે દુરવેશ થાનવી સાહેબ પાસેથી વિદાય થયો કે તરત જ થાનવી સાહેબે પોતાની વિશ્વાસઘાત ની કળા ના કરતબો બતાવ્યા અને પોસ્ટ થી એક કાગળ પ્રેસીડન્ટ સાહેબ પાસે રવાના કરી દિધો કે આ પ્રકાર નો પત્ર લઇને કોઇ પણ માણસ તમારી પાસે આવે તો તે પત્ર ને મહત્વ આપશો નહીં પરંતું તમને જે યોગ્ય લાગે તેજ કરજો.

વાંચકો વિચારો! તમારા અંતારાત્મા ને પૂછો! જો થાનવી સાહેબે પહેલા થી જ તે કરજદાર દુરવેશ ને ના કહી દિધી હોત તો એ એક અલગ વાત હતી, પણ થાનવી સાહેબ એક રાજકરણી ની જેમ મોઢે મીઠું અને પીઠે પાટું એ પ્રકાર નો રોલ ભજવી રહયા હતા. દુરવેશ ને ભલામણ પત્ર પોતાના હાથે લખી આપ્યું. હવે તે પત્ર લઇ દુરવેશ મુસાફરી ની યાતનાઓ સાથે પ્રવાસ ખર્ચ અને સમય નો દુર્વ્યય કરી જયારે પત્ર ના સરનામે પહોંચ્યા હશે અને ત્યાં પૈસા મેળવવા ને બદલે પોતે જ ખોટા સિક્કા ની જેમ પાછા ફર્યા





હશે ત્યારે તેઓની શું વલે થઇ હશે? શું આ દગાબાજી અને વિશ્વાસઘાત નથી? શું આ પ્રમાણિકતા છે? શું આ એક મુસલમાન ની ક્રુર મઝાક નથી? શું ઇસ્લામ આવી તાલિમ આપે છે? શું મિલ્લતે ઇસ્લામિયા ના મુજદિદ હોવા નો દાવો કરનાર ના સંસ્કારો આવા હોય છે?

કદાચ થાનવી સાહેબ પ્રત્યે સહાનુભૂતિ રાખનારા વાંચક ના મન માં એવો પ્રશ્ન પણ જન્મી શકે કે તે દુરવેશે થાનવી સાહેબ પાસે પત્ર લખાવવા માટે હઠ લીધી હશે. કંટાળી ને જાન છોડવવા ખાતર થાનવી સાહેબે તેને પત્ર લખી આપયો હશે, એટલે પોસ્ટ મારફત અલગ પત્ર લખી જાણ કરી દિધી હશે. પણ....હકીકત તો એ છે કે, થાનવી સાહેબ ની ડબલ પોલિસી વાળા આ પત્ર નો આ એકજ દાખલો નથી.બલ્કે થાનવી સાહેબ નો એવો સિધ્ધાંત અને નિયમ થઇ ગયેલો કે તેઓ ભલામણ પત્ર લખ્યા બાદ તરત જ પોસ્ટ દ્વારા એક અલગ પત્ર લખી ને ભલામણ ના પ્રથમ પત્ર ને રદ બાતલ કરી દેતા કે **"ફલાં મજમૂન કા ખત તુમ્હારે પાસ પહોંચેગા વોહ મેરા મઝમૂન નહીં હે તુમ ઉસકે મુવાફિક અમલ કો ઝરૂરી ન સમઝના."**

થાનવી સાહેબે વર્ણવેલ વાકય માં છેતરપિંડી ના ઘણા રસ્તા નીકળી શકે છે. જે વિશે વિસ્તૃત ચર્ચા થઇ શકે છે પણ વાત લાંબી ન કરતા ફકત આજ કહી શકાય કે, મુસલમાન લોકો ને પજવવું, તેઓને તકલીફ પહોંચાડવી, તેઓ ના જાન માલ અને સમય નું નુકશાન કરવું થાનવી સાહેબ માટે એક સામાન્ય બાબત હતી.

થાનવી સાહેબ ના જીવન વૃતાંત પર આધારિત કિતાબો માં ઘણી ઘટનાઓ નો ઉલ્લેખ કરવા માં આવેલો છે જેમાં થાનવી સાહેબે પોતે ધોકેબાઝી કરેલી અને લોકો ને પણ દગાબાઝી અને છેતરપિંડી ના પાઠ ભણાવેલા છે. ઇન્શા અલ્લાહ તઆલા થાનવી સાહેબ ની ધોકાબાઝી ની ઘટનાઓ પર આધારિત એક કિતાબ પણ લખીશ. જેમાં આ સર્વ પ્રસંગો નો સમાવેશ કરી લેવા માં આવશે. અત્યારે આપણે ફકત એ વિષય પર જ ચર્ચા કરવી છે કે શું આલા હઝરત ઇમામ અહમદ રઝા મોહદ્દિસે બરેલ્વી અલયહિર્રહમતો વ ર્રિદવાન અને અશરફઅલી થાનવી એ એકી સાથે દારૂલ ઉલૂમ દેવબંદ માં સાથે અભ્યાસ કરેલો હતો?



www.Markazahlesunnat.com

આ વિશે અમો એ વાંચક મિત્રો ની સેવા માં ઇતિહાસ ના અનેક પૂરાવા રજુ કર્યા છે, જેના વાંચન થી એ વાત પૂરવાર થઇ જાય છે કે બન્ને નું એક સાથે અભ્યાસ કરવું શકય જ નથી.

જયારે, ઇમામ અહમદ રઝા મોહદ્દિસે બરેલ્વી નાની વય માં જ અલ્લાહ તબારક વ તઆલા એ અર્પેલી ખૂબીઓ થી પોતાના ઇલ્મ નો સમગ્ર વિશ્વ પાસે એકરાર કરાવી રહયા હતા, પોતાના ઇલ્મ, વાણી, વર્તન અને સંસ્કારો દ્વારા મિલ્લતે ઇસ્લામિયા ની ઇલ્મી અને અમલી ખિદમત કરી રહયા હતા. ત્યારે થાનવી સાહેબ પોતાના બાળપણ ના મઝાક-મસ્તી અને તોફાની પરાક્રમો માં તોફાની બારકસ ની જેમ વ્યસ્ત હતા. પોતાના બાળપણ ની તોફાની ઘટનાઓ થાનવી સાહેબ ને પોતાના જીવન ના સિત્તેરમાં વર્ષે પણ બરાબર યાદ હતી અને પોતાના બાળપણ ની બાલિશ ઘટનાઓ ને થાનવી સાહેબ પોતાની મહેફિલ માં ખૂબજ ગૌરવ ની સાથે વર્ણવતા હતા.

થાનવી સાહેબ ના કથનો પર આધારિત કિતાબ ''અલ-ઇફાદાતુલ-યવમિયા-મિનલ-ઇફાદાતિલ-કવમિયા'' માં તા. ૧૭ શવ્વાલુલ મુકર્રમ ૧૩૫૦ સ.હિ. ગુરૂવારે ઝોહર ની નમાઝ બાદ ની થાનવી સાહેબ ની મજલિસ માં થાનવી સાહેબે ખૂદ પોતાના બાળપણ ની અમુક શરારતો નું ખૂબજ ગર્વસાથે વર્ણન કર્યુ છે. તે શરારતો પૈકી ની બે શરારતો (૧) પોતાના ભાઇ ના માથે પૈશાબ કરવા ની શરારત અને (૨) પોતાના વાલિદ ના ખાટલા ના પાયા રસ્સી થી બાંધી દેવા નું વર્ણન વાંચક મિત્રો વાંચી ચુકયા છે. હવે તેજ શરારતો પૈકીની વધુ બે શરારતો જોઇએ.

## પ્રસંગ : - ૪

## ''થાનવી સાહેબે મસ્જિદ ના નમાઝીઓ ના બુટ-ચપ્પલ છત પર ફેંકી દિધા.''

ખૂદ થાનવી સાહેબ ના શબ્દો માં અક્ષરસઃ રજુ છે. :—





**''એક મર્તબા મેરઠ મેં મિયાં ઇલાહીબખ્શ સાહબ મર્હુમ કી કોઠી મેં જો મસ્જિદ હૈ, સબ નમાઝીયોં કે જૂતે જમા કરકે ઉસ કે શામિયાને પર ફેંક દિયે. નમાઝીયોં મેં ગુલ મચા કે જૂતે કયા હુએ. એક શખ્સ ને કહા કી યે લટક રહે હૈં. મગર કિસી ને કુછ ના કહા. યે ખુદા કા ફઝલ થા.બા-વુજૂદ ઇન હરકતોં કે અઝિય્યત કિસી ને નહીં પહોંચાઇ. વોહી કિસ્સા રહા જૈસા કિ કિસી ને કહા હૈ :—**

**તુમકો આતા હૈ, પ્યાર પર ગુસ્સા**
**હમકો ગુસ્સે પે, પ્યાર આતા હૈ**

**યે સબ અલ્લાહ કી તરફ સે હૈ વર્ના ઐસી હરકતોં પર પિટાઇ હુઆ કરતી હૈ.''**

## હવાલો

''અલ-ઇફાદાતુલ-યવમિયા''
પ્રકાશક : મકતબા દાનિશ દેવબંદ (યુ.પી.)
ભાગ—૨, કિસ્ત—૧૦, મલ્ફૂઝ—૮૩૭, પેજ નં. ૪૭૫

વર્ણનીય ઘટના માં થાનવી સાહેબે પોતા ના તોફાની પરાક્રમ ના અનુસંધાને કહયું કે ''યેહ સબ અલ્લાહ કી તરફ સે હૈ, વરના ઐસી હરકતોં પર પિટાઇ હુવા કરતી હૈ.'' આ વાકય થાનવી સાહેબે અલ્લાહ ની ને'મત અને ઇનાયત વ્યકત કરવા માટે ઉચ્ચારેલ છે. એટલે કે આવા પરાક્રમો કરવા છતાં માર ના પડયો તે પણ ''ઝાલિકા-ફદલુલ્લાહ'' એટલે કે અલ્લાહ ની અસીમ કૃપા તરીકે બતાવી રહયા છે, જો કે ખૂદ થાનવી સાહેબ પોતે એકરાર કરે છે કે મારૂં આ પરાક્રમ એવું છે કે તેની સજા રૂપે ''ધોલાઇ'' (માર પડવો) જરૂરી છે.

પણ...! થાનવી સાહેબ પોતાને ખુદા ની બારગાહ નો મકબૂલ પૂરવાર કરવા માટે એવી ડંફાસ મારે છે કે ખુદા ની બારગાહ ના મકબૂલ બંદાઓ ની

ખુદા હિફાઝત કરે છે. વાહ, થાનવી સાહેબ ભૂલી ગયા કે શું ખુદા ની બારગાહ ના નેક અને મકબૂલ બંદાઓ નમાઝીયો ના જૂતાઓ એકઠા કરી છત પર ફેંકી દે છે?

અરે, ખુદા ની બારગાહ નો મકબૂલ બંદો તો મસ્જિદ ના નમાઝીયો ની શકય એટલી ખિદમત કરવા ની કોશિશ કરશે. નમાઝીયો ના જોડાઓ ની ચોકીદારી કરશે, તેઓના જોડા છત પર ફેંકી તેઓને પરેશાન નહીં કરે. આશ્ચર્ય તો એ વાત નું છે કે વહાબી-દેવબંદી-તબ્લીગી જમાઅત ના હકીમુલ ઉમ્મત થાનવી સાહેબ પોતાના બુઢાપા ના દિવસો માં પોતાના બચપન ની આ ધૃણાસ્પદ ચેષ્ટાઓ નું વર્ણન કરી ને લોકો ને કયા પ્રકાર ના સંસ્કાર નું શિક્ષણ આપી રહયા છે? બાળપણ માં તો તોફાનો કરેલા પણ હવે વૃધ્ધાવસ્થા માં ડગળી ચસકી ગઇ હતી કે પોતાની આવી નાલાયક હરકતો ને ખુદા ની ને'મતો તરીકે વર્ણવી રહયા છે?

## પ્રસંગ નં. ૫

## ''થાનવી સાહેબે પોતાના પિતરાઇ મામા ની દાળ ની રકાબી માં કુતરા નું ગલુડીયું નાંખી દિધું''

થાનવી સાહેબ પોતાનું એક વધુ પરાક્રમ વર્ણવી રહયા છે કે : –

**''એક સાહબ થે સિકરી કે હમારી સૌતેલી વાલિદા કે ભાઇ, બહોત હી નેક ઔર સાદા આદમી થે.વાલિદ સાહબ ને ઉનકો ઠેકે કે કામ પર રખ છોડા થા. એક મરતબા કમ્સરેટ સે ગરમી મેં ભૂકે પ્યાસે પરેશાન ઘર આએ ઔર ખાના નિકાલ કર ખાને મેં મશ્ગુલ હૂએ. ઘર કે સામને બાઝાર હૈ. મૈં ને સડક પર સે એક કુત્તે કા પિલ્લા છોટા સા પકડ કર ઘર લાકર, ઉનકી દાલ કી રકાબી મેં રખ દિયા. બેચારે રોટી છોડકર ખડે હો ગએ ઔર કુછ નહીં કહા.''**





## હવાલો

**''અલ-ઇફાદાતુલ-યવમિયા''**
**પ્રકાશક :- મકતબા દાનિશ દેવબંદ (યુ.પી.)**
**ભાગ-૨, કિસ્ત-૧૦, મલ્ફુઝ-૮૩૭, પેજ નં. ૪૭૫**

અગાઉ વર્ણન કર્યું તે મુજબ થાનવી સાહેબ ની વાલેદા નું અવસાન સ.હિ. ૧૨૮૫ માં થએલું અને તે વખતે થાનવી સાહેબ ની વય પાંચ વર્ષ ની હતી. થાનવી સાહેબ ની વાલેદા ના અવસાન બાદ થાનવી સાહેબ ના વાલિદે પુનઃલગ્ન કરેલા. થાનવી સાહેબ ની નવી માં નો એક ભાઇ હતો જે થાનવી સાહેબ ના કથન મુજબ નેક જ નહીં વધારે નેક અને સીધો સાદો માણસ હતો. જેથી એ વાત સ્પષ્ટ થઇ ગઇ કે થાનવી સાહેબ ને પોતાના પિતરાઇ મામા નું કેરેકટર બરોબર યાદ હતું અને એ પણ સ.હિ. ૧૩૫૦ સુધી એટલે કે જયારે તેઓ સિત્તેર વર્ષ ની વયે પહોંચી ચુકેલા.

આથી પૂરવાર થયું કે ''દાળ ની રકાબી માં કુતરા નું કુરકુરીયું'' વાળી ઘટના સ.હિ. ૧૨૮૫ ના ઘણા સમય પછી ની છે. કારણ કે જયારે થાનવી સાહેબ ની વાલેદા નું અવસાન સ.હિ. ૧૨૮૫ માં થયેલું ત્યારે થાનવીજી ની વય ફકત પાંચ વર્ષ ની હતી અને પાંચ વર્ષ ની કોઇ ઘટના થાનવી સાહેબ ને યાદ નહોતી અરે, ત્યાં સુધી કે સગી વાલેદા ની શક્લો-સૂરત અને ચહેરો-મહોરો પણ નહીં. (જેનો હવાલો આગળ વર્ણવેલ છે.)

પણ....! અહિયા આ ઘટના માં થાનવી સાહેબ ને બધુંજ યાદ છે, પોતાના પિતરાઈ મામા સીધા સાદા અને નેક માણસ હતા, બલ્કે તેઓ જે રકાબી માં જમી રહયા હતા અને જેમાં થાનવી સાહેબે કુતરા નું ગલુડીયું નાખેલું હતું અને રકાબી માં દાળ હતી, દાળ સિવાય બીજું કોઇ શાક નહોતું, ઘર ની સામે બઝાર હતું અને એજ બઝાર માંથી થાનવી સાહેબ કુતરા નું ગલુડીયું પકડી લાવ્યા હતા, અને પોતાના પિતરાઇ મામા ની દાળ ની રકાબી માં નાંખ્યું હતું. તે પણ થાનવી સાહેબ ને યાદ હતું કે તેઓના મામા જમવા નું મુકી ને ઉભા થઇ ગયા હતા અને કાંઇ પણ કહયું નહતું. આ

બધીજ બાબતો થાનવી સાહેબ ને યાદ હતી. જેનો અર્થ એ થયો કે આ ઘટના સ.હિ. ૧૨૮૫ બાદ ઘણા લાંબા સમય પછી ની છે.

વાંચકો મિત્રો ને વધુ જાણકારી આપવા ના હેતુસર નીચેની વાત તેમની સેવા માં અર્ઝ કરવા માં આવે છે કે :—

અગાઉ ના પૃષ્ઠો માં વર્ણવેલ પ્રસંગ નં. ૧ કે જેમાં થાનવી સાહેબે પોતાના વાલિદ ના ખાટલા ના પાયા રસ્સી થી બાંધી દેવા ની શરારત ની વાત છે, તેના હવાલા નં. ૧ માં થાનવીજી ના ખલીફા ખ્વાજા અઝીઝુલહસન દ્વારા સંપાદન પામેલી કિતાબ ''અશરફુસ્સવાનેહ'' ભાગ–૧, પેજ નં.- ૨૦ ની ઘટના અક્ષરસઃ વર્ણન કરેલી છે. આ જ ઘટના માટે અન્ય એક પુસ્તક નો પણ હવાલો આપેલ છે, જે હવાલા નં. ૨ તરીકે થાનવી સાહેબ ના કથનો ના સંગ્રહ ''અલ-ઈફાદાતુલ-યવમિયા'' ભાગ–૨, કિસ્ત–૧૦, મલ્ફૂઝ–૮૩૭,પેજ નં.૪૭૪ માં રજુ કરેલ છે. બંને કિતાબો માં વર્ણનીય ઘટના નો સમાન રીતે ઉલ્લેખ કરવા માં આવેલો છે પણ ''અલ-ઈફાદાતુલ..'' ના ફકરા માં એક વાકય વધુ છે અને તે વાકય થાનવી સાહેબ ના કથન સ્વરૂપે એ રીતે આલેખવા માં આવેલ છે કે :—

**''સહીહ તો યાદ નહીં કે ઉસ હરકત પર કોઇ ચપત લગા યા નહીં''**

**હવાલો**

**હવાલો ઉપર મુજબ**

પોતા ના વાલિદ ની ચારપાઇ ના પાયા રસ્સી થી બાંધી દેવા ની ઘટના થાન્વી સાહેબ ની વાલિદા ના અવસાન પછી ની એટલે સ.હિ.૧૨૮૫ ના પછી ની છે પણ આ ઘટના માં થાનવી સાહેબ ની ચેષ્ટા બદલ ''ચપત'' (થપ્પડ) પડી કે નહીં? એ થાનવી સાહેબ ને બિલ્કુલ યાદ નહોતું પરંતુ પોતાના પિતરાઇ મામા ની દાળ ની રકાબી માં કુતરા નું ગલુડીયું મુકવા ની શરારત બદલ પિતરાઇ મામા એ કોઇ પણ જાતનો ઠપકો આપેલો નહીં એ થાનવી સાહેબ ને બરાબર યાદ છે. જેનો અર્થ એ થયો કે ''દાલ કી રકાબી





મેં કુત્તે કા પિલ્લા'' વાળી ઘટના સ.હિ. ૧૨૮૫ નાં ઘણા સમય પછી ની છે એટલે કે તે સમય ની છે કે જયારે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મોહદ્દિસે બરેલ્વી અલૈહિર્રહમતો રિદવાન ઈલ્મો-હિદાયત ના આફતાબ ની હેસિયત થી ઈસ્લામી જગત માં પ્રકાશી રહયા હતા. આવી, પરિસ્થિતી માં એવો દાવો કરવો કે થાનવીજી એ દેવબંદ માં આ'લા હઝરત ની સંગાથે અભ્યાસ કરલો, એ એક હાસ્યસ્પદ ગપ્પું જ છે.

ઈમામ અહમદ 'રઝા' મોહદ્દિસે બરેલ્વી અને અશરફઅલી થાનવી એ દારૂલ ઉલૂમ દેવબંદ માં એકી સાથે અભ્યાસ કર્યો નથી. આ હકીકત ની દલીલો રૂપે દેવબંદી વિચારસરણી ની માન્યતા પ્રાપ્ત અને આધારભૂત કિતાબો ના કેટલાક હવાલા અત્રે રજુ કર્યા છે.

## ઐતિહાસીક ગવાહી

હાલના સમય ના ધોકેબાઝ અને ઝુઠ્ઠા વહાબી કઠમુલ્લાઓ પબ્લિક ને પોતાની માયાજાળ માં ફસાવવા માટે એવો ઝુઠ્ઠો પ્રચાર કરતાં ફરે છે કે સુન્ની અને વહાબી નો ઝઘડો એ કોઇ દીન ની પાયા ની બાબત નો ઝઘડો નથી પરંતું મૌલાના અહમદ 'રઝા' બરેલ્વી અને મોલ્વી અશરફઅલી થાનવી બન્ને એકી સાથે દારૂલ ઉલૂમ દેવબંદ માં અભ્યાસ કરતા હતા. અભ્યાસકાળ દરમ્યાન આ બન્ને દારૂલ ઉલૂમ ના એકજ ઓરડા માં સાથે રહેતા હતા, અને રસોડા માં એક સાથે જ જમતા હતા પણ તે બંને વચ્ચે સામાન્ય બાબત માં ઝઘડો થઇ ગયો અને મૌલાના અહમદ'રઝા' પઠાણ ખાનદાન ના હતા. પઠાણો ગુસ્સા માં ખૂબ તેજ હોય છે આથી ગુસ્સા માં આવી ને ઇમામ અહમદ'રઝા' એ બદલા ની ભાવના હેઠળ થાનવી સાહેબ પર કુફ્ર નો ફત્વો ચોડી દિધો અને દારૂલ ઉલૂમ દેવબંદ ત્યાગી ને બરૈલી જતા રહયાં અને પોતાના જીવન ના અંતઃકાળ સુધી તે ફત્વા ને વળગી રહયા, અને થાનવી સાહેબ અને અન્ય દેવબંદ ના આલિમો ને પણ ''કાફિર'' જ કહેતા રહયા.

મઆઝલ્લાહ સુમ્મા મઆઝલ્લાહ! હળાહળ ઝુઠ અને બનાવટી ઘટનાઓ થી ભરેલા ઉપરોક્ત કિસ્સા ને એટલી હદે ફેલાવવા માં આવ્યો છે

કે સીધા સાદા મુસલમાનો આ બનાવટી ઘટના ના ફરેબ માં બહુજ સહેલાઇ થી ફસાઇ જાય છે. આ બનાવટી અને જુઠ્ઠાણાઓ થી ભરપૂર કિસ્સા નો અમો એ લાજવાબ દલીલો થી સભર એવો જવાબ આગળ ના પૃષ્ઠો માં આપી દિધો જ છે છતાં વાંચક મિત્રો ની સેવા માં આ ઐતિહાસિક પૂરાવાઓ પણ રજુ કરીએ છીએ.

સૌથી પહેલા તો એ વાત કે, આ'લા હઝરત ઈમામ અહમદરઝા મોહક્કિકે બરેલ્વી અલયહિર્રહમતો વ રિદવાન નું દારૂલ ઉલૂમ દેવબંદ માં અભ્યાસ કરવું તો શું? પણ આપે પોતાની પૂરી ઝિંદગી માં કયારેય ''દેવબંદ'' શહેર માં પણ પગ મુકયો નથી. આ'લા હઝરત ઈમામ અહમદ'રઝા' એ પોતાના જીવનકાળ દરમ્યાન ખૂબ જ જૂજ મુસાફરીઓ કરેલી છે. બે વખત મક્કા એ મુઅઝ્ઝમા અને મદીના એ મુનવ્વરા ની હાઝરી ના મુબારક સફર સિવાય કલકત્તા, જબલપુર, લખનૌ, મારેહરા, મુંબઈ, દિલ્હી, અહમદઆબાદ (અમદાવાદ) વગેરે ની લાંબી મુસાફરીઓ કરી છે પણ સહારનપૂર જીલ્લો અથવા મુઝફ્ફરનગર જીલ્લો વગેરે વિસ્તારો તરફ જવાનો કયારેય પણ પ્રસંગ નથી બન્યો. હવે, આ પ્રશ્ન ઉદ્ભવી શકે કે, કદાચ એવું બની શકે કે તેઓ પોતાના અભ્યાસકાળ દરમ્યાન અભ્યાસ ના હેતુસર ''દેવબંદ'' ગયા હોય?

ઉપરોક્ત શંકા (પ્રશ્ન) નું નિરાકરણ એ છે કે, આ'લા હઝરત ઈમામ અહમદ'રઝા' અલયહિર્રહમા એ સર્વે વિદ્યાઓ (ઉલૂમે અકલિયા અને નકલિયા) ની પૂર્ણાહુતી બરેલી શરીફ માં જ રહીને કરી છે. અરે, ત્યાં સુધી કે બરેલી ના પણ કોઈ દારૂલ ઉલૂમ કે મદ્રેસા માં પ્રવેશ મેળવી ને અભ્યાસ નથી કર્યો. તમામ વિદ્યાઓ તેમણે પોતાના ઘરે જ રહી ને પોતાના વાલિદે માજિદ બકિય્યતુસ સલ્ફ, આલિમે જલીલ, ફાઝિલે નબીલ, હઝરત અલ્લામા વ મૌલાના મુફ્તી નકીઅલી ખાન સાહેબ પાસે થી અને તેમની દેખરેખ હેઠળ બીજા ઉસ્તાદો પાસે થી હાંસલ કરેલ છે. આપના ઉસ્તાદો ની સંખ્યા બહુજ જૂજ પ્રમાણ માં છે.

(૧) હઝરત અલ્લામા રઈસુલ મોહક્કિકીન, મૌલાના નકીઅલી ખાન સાહેબ.





(૨) હઝરત અલ્લામા મિરઝા અબ્દુલકાદિર બેગ.

(૩) ખાતિમુલ અકાબીર, હઝરત અલ્લામા સૈયદ શાહ આલેરસૂલ મારેહરવી.

(૪) હઝરત અલ્લામા સૈયદ શાહ અબૂલહુસૈન અહમદ નૂરી, મારેહરવી.

રહેમતુલ્લાહે તઆલા અલયહિમ અજમઈન

## ઇમામ અહમદ'રઝા' ના અભ્યાસકાળ વખતે દારૂલ ઉલૂમ દેવબંદ નું અસ્તિતત્વ જ નહોતું

મોલ્વી અશરફઅલી થાનવી જેવા તોફાની, ફુવડ અને વિદુષક પ્રકૃતિ વાળા ને ઈમામ અહમદ'રઝા' મોહક્કિકે બરેલ્વી અલયહિર્રમતો રિદવાન ના સહપાઠી તરીકે સાબિત કરવા માટે વ્યર્થ પ્રયત્નો કરનારા વહાબી કઠમુલ્લાઓ ઈતિહાસ થી તદ્દન કોરા અને અજાણ છે. કારણ કે આ'લા હઝરત ઈમામ અહમદ'રઝા' મોહક્કિકે બરેલ્વી ના અભ્યાસ કાળ વખતે દારૂલ ઉલૂમ દેવબંદ અસ્તિતત્વ માંજ નહોતું આવ્યું. અને તેનું વુજૂદ જ નહોતું. પાછલા પૃષ્ઠો માં વાંચક મિત્રો જોઇ ગયા કે :—

- ઈમામ અહમદ'રઝા' નો જન્મ ૧૦, શવ્વાલ ૧૨૭૨ સ.હિ. માં થયો.
- આપે ચાર વર્ષ, ચાર મહીના અને ચાર દિવસ ની વયે પોતાનો અભ્યાસ શરૂ કરેલ, એટલે કે સ.હિ. ૧૨૭૬ નો સફરૂલ મુઝફ્ફર નો મહીનો હતો.
- ઈમામ અહમદ'રઝા' એ સર્વે ઉલૂમે અકલિયા અને નકલિયા ની પૂર્ણાહુતી કરીને, ૧૪ શાબાનુલ મોઅઝ્ઝમ સ.હિ. ૧૨૮૬ ના દિવસે ''ઈફતા'' ની ગાદી પર બેસી ફત્વો લખવા ની સેવા નો આરંભ કરેલો અને ''રઝાઅત'' ના વિશે એક મુશ્કેલ સવાલ નો દલીલો થી ભરપૂર જવાબ લખી આપેલો. આપનો

આ પહેલા ફત્વા નો જવાબ જોઇને મોટા મોટા આલિમો આભા બની ગયા હતા.

ટુંક માં......! સફરૂલ મુઝફ્ફર સ.હિ. ૧૨૭૬ થી શાબાનુલ મોઅઝ્ઝમ સ.હિ. ૧૨૮૬ વચ્ચે નો સમય ગાળો આ'લા હઝરત ઈમામ અહમદ 'રઝા' મોહક્કિકે બરેલ્વી નો અભ્યાસ કાળ અથવા સ્ટુડન્ટ લાઇફ (Student life)નો સમય રહયો.

હવે...., આપણે દારૂલ ઉલૂમ દેવબંદ ની સ્થાપના અને તેની ચડતી વિશે દારૂલ ઉલૂમ દેવબંદ થી પ્રકાશિત થયેલી કિતાબો ના હવાલા જોઇએ.

## દારૂલ ઉલૂમ દેવબંદ ની શરૂઆત

### હવાલો નં. ૧

"સ.હિ. ૧૨૮૩, ઈ.સ. ૧૮૬૬ બર્રે સગીર કે મુસલમાનોં કે લિયે વોહ મુબારકો મસઉદ સાલ હૈ જીસ મેં શિમાલી હિન્દ કી ઇસ કદીમ તારીખી બસ્તી મેં ઇનકી દીની-વ-ઇલ્મી ઔર મિલ્લી-વ-તહઝીબી ઝિંદગી કી નિશાતે શાનિયા કા આગાઝ હુવા, ૧૫, મોહર્રમ સ.હિ. ૧૨૮૩ મુતાબિક 30 મઈ ઈ.સ. ૧૮૬૬ બરોઝે પંજશમ્બા, છત્તે કી કદીમ મસ્જિદ કે ખુલે સેહન મેં અનાર કે છોટે સે દરખ્ત કે સાએ મેં નિહાયત સાદગી કે સાથ કિસી રસ્મી તકરીબ યા નુમાઇશ કે બગૈર દારૂલ ઉલૂમ દેવબંદ કા ઇફતેતાહ અમલ મેં આયા, હઝરત મૌલાના મુલ્લા મુહમ્મદ દેવબંદી (રહ) કો જો ઇલ્મો ફઝલ મેં બુલંદ પાયા આમિલ થે મુદર્રિસ મુકર્રર કિયા ગયા, શેખુલ હિન્દ હઝરત મૌલાના મુહમ્મદહસન રહેમતુલ્લાહ અલયહે દારૂલ ઉલૂમ દેવબંદ કે વોહ અવ્વલીન શાગિર્દ થે જીન્હોં ને ઉસ્તાદ કે સામને કિતાબ ખોલી, યેહ અજીબ ઇત્તેફાક હૈ કે ઉસ્તાદ ઔર શાગિર્દ દોનોં કા નામ મહેમૂદ થા, ઉસ વક્ત રબ્બિસ્સમાવાતે વલ અર્દ કે ઇલ્તેફાત ઔર





ચશ્મે કરમ પર ભરોસા કરને કે સિવા ઔર કોઇ ઝાહિરી સાઝો સામાન ન થા, ઇખ્લાસ વ ખિદમતે દીન ઔર તવક્કુલ અલલ્લાહ કે જઝબાત કે સિવા હર સરમાએ સે ઇન હઝરાત કા દામન ખાલી થા, ચુનાંચે ઇસ બે સરો સામાની કે સાથ ઇફતેતાહ અમલ મેં આયા કે ન કોઇ ઇમારત મૌજૂદ થી ઔર ન તલબા કી જમાઅત, સિર્ફ એક તાલિબે ઇલ્મ ઔર એક ઉસ્તાદ.

### હવાલો

" તારીખે દારૂલ ઉલૂમ દેવબંદ'' જિલ્દ ૧, સફહા ૧૫૫

### હવાલા નં. ૨

"દેવબંદ કી ઇસ ઇસ્લામી દર્સગાહ કી ઇબ્તેદા કબ હૂઈ, ઇસ કા જવાબ દેતે હૂએ હમારે મખ્દૂમો મોહતરમ ફાઝિલે ગિરામીએ કદ્ર સૈયદ મુહમ્મદ મિયાં સાહબ નાઝિમ જમીઅતેઉલ્મા અપની મશ્હૂર વ મકબૂલ કિતાબ "ઉલ્માએ હિન્દ કા શાનદાર માઝી'' મેં યેહ ઇસ્કામ ફરમાને કે બાદ કે :-

"૧૫,મોહર્રમુલ હરામ સ.હિ.૧૨૮૩ મુતાબિક ઈ.સ. ૧૮૬૭ તકરીબન યૌમે પંજશમ્બા ઇસ્લામી હિન્દ કી તારીખ કા વોહ મુબારક દિન હૈ''

આગળ "અનારો મહમૂદ'' વાળી મજેદાર વાર્તા નું વર્ણન આ શબ્દો માં કરે છે કે:-

"તારીખે મઝકૂર પર ચંદ બાખુદા બુઝુર્ગોં કા ઇજતેમા હુઆ, ચન્દા જમા કિયા ગયા ઔર મસ્જિદે છત્તા કી ફર્શ પર "દરખ્તે અનાર'' કી ટહનીયો કે સાએ મેં મદ્રેસા કા ઇફતેતાહ હુવા.''

### હવાલો

"સવાનેહે કાસિમી'' લેખક:- સૈયદ મુનાઝિર અહસન ગીલાની મુદ્રક :- દારૂલ ઉલૂમ દેવબંદ, ભાગ-૨ પે. નં. ૨૧૫



www.Markazahlesunnat.com

### હવાલો નં. ૩

"દફઅતન મોહર્રમ સ.હિ. ૧૨૮૩ મેં દારૂલ ઉલૂમ દેવબંદ કી બુનિયાદ કાઇમ હોને કી ખબર આપ (યા'ની મોલ્વી ખલીલ અહમદ અંબેઠવી) કે કાનોં મેં પડી ઔર યેહ ભી સુના કિ સદર મુદર્રિસે આપકે મામૂં હઝરત મૌલાના યા'કૂબ સાહબ કરાર પાએ લિહાઝા આપ કી તલબ પર જોશ આયા ઔર વાલિદૈન કી ઇજાઝત ચાહી કે દેવબંદ ભેજ દેં ચુનાંચે આપ દેવબંદ તશરીફ લાએ ઔર હઝરત મૌલાના મુહમ્મદ યા'કૂબ સાહબ ને આપકે લિયે "કાફિયા" કા સબક તજવીઝ ફરમા કર જમાઅતે કાફિયા મેં શરીક કર દિયા."

### હવાલો

"તઝકેરતુલ-ખલીલ"
લેખકઃ- મુહમ્મદ આશિક ઇલાહી મેરઠી
પ્રકાશકઃ- મકતબા અશ-શૈખ મુહલ્લા મુફ્તી સહરાનપુર (યુ.પી.)
સફ્હા - ૪૦

ઉપર મુજબ ના ત્રણે હવાલાઓ થી સાબિત થયું કે દારૂલ ઉલૂમ દેવબંદ ની શરૂઆત ૧૫, મોહર્રમ સ.હિ. ૧૨૮૩ મુજબ ૩૦-મે, ઈ.સ. ૧૮૬૬ ગુરૂવારે છત્તા ની પૂરાણી મસ્જિદ ના ખુલ્લા પટાંગણ માં દાડમના એક નાનકડા ઝાડ નીચે થઇ હતી. ત્યારે ફકત એકજ વિદ્યાર્થી અને એકજ ઉસ્તાદ હતા. દારૂલ ઉલૂમ ની કોઈ ઇમારત અથવા બિલ્ડીંગ પણ નહતી કે જેમાં શિક્ષણ દઇ શકાય અને રહેવા ની વ્યવસ્થા હોય અથવા કાયદેસર નો જેને મદ્રસો પણ કહી શકીએ.





## દારૂલ ઉલૂમ દેવબંદ માં કુરઆન અને ફારસી કક્ષા નો પ્રારંભ

" સાલે ગુઝિશ્તા મેં કુરઆન શરીફ ઔર ફારસી વ રિયાઝી કી તા'લીમ કા ઇન્તેઝામ ન હો સકા થા. ઇસ લિયે મકામી બચ્ચે ઇબ્તદાઈ તા'લીમ ન હોને કી વજહ સે દારૂલ ઉલૂમ સે મુસ્તફીઝ ન હો સકે થે, ઇસ દિક્કત કો રફા કરને કે લિયે દરજએ કુરઆન ઔર દરજએ ફારસી વ રિયાઝી કા ઇજરા કિયા ગયા, ઔર દોનોં દરજો મેં એક એક ઉસ્તાદ પાંચ પાંચ રૂપિયે પર મુકર્રર હુવા,"

### હવાલો

"તારીખે દારૂલ ઉલૂમ દેવબંદ" ભાગ-૧, પેજ નં. - ૧૬૨

ઉપરોક્ત ફકરા થી પૂરવાર થયું કે સ.હિ. ૧૨૮૪ માં દારૂલ ઉલૂમ દેવબંદ માં 'દરજા-એ-કુરઆન' અને 'દરજા-એ-ફારસી' ની શરૂઆત થઈ.

## દારૂલ ઉલૂમ દેવબંદ ની પહેલી ઇમારત નું ઉદ્‌ઘાટન

### હવાલો નં. ૧

"જલ્સા એ તકસીમે અસનાદ કે બાદ મજમા જામે-મસ્જિદ સે ઉઠકર ઉસ જગહ પહોંચા જહાં દારૂલ ઉલૂમ દેવબંદ કી ઇમારત કી બુનિયાદ રખી જાને વાલી થી, સંગે બુનિયાદ હઝરત મૌલાના અહમદઅલી મોહદ્દિસે સહરાનપૂરી કે દસ્તે મુબારક સે રખવાયા ગયા, ઇસ કે બાદ એક એક ઇંટ હઝરત નાનોત્વી[રહે.], હઝરત ગંગોહી[રહે.], હઝરત મૌલાના મુહમ્મદ મઝહર નાનોત્વી[રહે.] ને રખી યે નામ તો રૂદાદ મેં મઝકૂર હૈં, અરવાહે સલાસા કી રિવાયત મેં મઝીદ દો નામ હઝરત મિયાંજી મુન્નેશાહ[રહે.] ઔર હઝરત હાજી મુહમ્મદ આબિદ[રહે.] કે ભી લીખે હૈં."

**હવાલો**

"તારીખે દારૂલ ઉલૂમ દેવબંદ" ભાગ-૧, પેજ નં. - ૧૮૩

**હવાલો નં. ૨**

"હઝરત મૌલાના મુહમ્મદ યા'કૂબ નાનોત્વી ને તા'મીર કા માદ-એ-તારીખ "અશરફુલ-ઇમારાત" નિકાલા. આઠ (૮) સાલ કી મુદ્દત મેં રૂા. ૨૩,૦૦૦/- કે સર્ફ સે યે ઇમારત "નૌ દરા" કે નામ સે બનકર તૈયાર હુઈ, ઇસ ઇમારત કે દો દરજે હૈં, હર એક દરજે મેં નૌ-નૌ દરવાઝે હૈં, ઇસ કા તૂલ ૨૬, ગઝ ઔર અર્ઝ ૧૨, ગઝ હૈ, દારૂલ ઉલૂમ દેવબંદ કી યેહ સબ સે પહેલી ઇમારત હૈ."

**હવાલો**

"તારીખે દારૂલ ઉલૂમ દેવબંદ" ભાગ-૧, પેજ નં. - ૧૮૪,૧૮૫

**હવાલો નં. ૩**

"અશરફે ઇમારાત" કે આ'દાદ બ હિસાબ જોમલ ૧૨૯૩ આતે હૈં . સંગે બુનિયાદ ૨-ઝિલહજ્જા ૧૨૯૨ સ.હિ. કો રખા ગયા."

**હવાલો**

"તારીખે દારૂલ ઉલૂમ દેવબંદ" ભાગ - ૧ પેજ નં. ૧૮૫

ઉપર ના ફકરા થી પૂરવાર થયું કે દારૂલ ઉલૂમ દેવબંદ ની પહેલી ઈમારત નું ઉદ્દ્ઘાટન ૨ ઝિલ-હજ્જા ૧૨૯૨ સ.હિ. એ થયું. અને એ ઈમારત ની બાંધકામ ની મુદ્દત ને પુરા આઠ (૮) વર્ષ થયા અને એ ઈમારત નું નામ "નૌ-દરા" રાખવા માં આવ્યું.





## સ.હિ. ૧૨૯૬ માં દારૂલ ઉલૂમ દેવબંદ ને 'મદ્રેસા' થી દારૂલ ઉલૂમ દેવબંદ નું નામ મળ્યું

દારૂલ ઉલૂમ દેવબંદ નો દરજ્જો શરૂઆત માં એક મદ્રેસા નો હતો, અને તેનું નામ "મદ્રેસા-એ-ઈસ્લામી-અરબી-દેવબંદ" હતું. ત્યાર બાદ ૧૨૯૬ સ.હિ. માં તેને દારૂલ ઉલૂમ દેવબંદ નું નામ મળ્યું.

"દારૂલ ઉલૂમ દેવબંદ શુરૂ શુરૂ મેં મદ્રસા ઇસ્લામી અરબી દેવબંદ કે નામ સે મોસૂમ રહા, દારૂલ ઉલૂમ એક ઇસ્તેલાહી લફ્ઝ હૈ. જિસકા ઇત્લાક ઉમૂમન ઉસ તાલિમગાહ પર હોતા હૈ જીસ મેં જમીઅ ઉલૂમે અકલિયા વ નકલિયા કી આ'લા તા'લીમ દી જાતી હો, ઔર ઉલૂમો ફુનૂન કે માહિર અસાતિઝા કી જમાઅત તલબા કી તકમીલે ઇલ્મો ફન કે લિયે મૌજૂદ હો, દારૂલ ઉલૂમ ઔર યુનિવર્સિટી એક હી મા'ની મેં મુસ્તઅમલ હૈ. ઇસ તારીફ કે લિહાઝ સે તો યેહ મદ્રસા શુરૂ હી સે દારૂલ ઉલૂમ થા. મગર યેહ લફ્ઝ ઉસ વક્ત તક ઇસ્તેમાલ નહીં કિયા ગયા જબ તક દારૂલ ઉલૂમ દેવબંદ ને ઉલૂમે શરઇય્યા ઔર ઉલૂમે મા'કૂલા કા મુનાસિબ ઔર ઝરૂરી નિસાબ તલબા કો ખત્મ નહીં કરા દિયા. જબ મુલ્ક મેં જા બ જા શાખેં કાયમ હો ગઇં ઔર આમ તૌર પર ઉસકી તાલીમ કો મુસ્તનદ માન લિયા ગયા ઔર ઇલ્મી હલકો મેં ઉસકી મરકઝિય્યત તસ્લીમ કી જાને લગી તો યકુમ સફર ૧૨૯૬ સ.હિ. કો જલ્સા-એ-ઇન્આમ કે મૌકા પર હઝરત મૌલાના મુહમ્મદ યા'કૂબ નાનોત્વી (રહે) ને અપની તકરીર મેં ફરમાયા કેઃ-
ખુદાવન્દ કરીમ કા શુક્ર કિસ ઝબાન સે અદા કિયા જાએ કે તેરહવાં સાલ ઇસ મદ્રેસા કા જિસકો દારૂલ ઉલૂમ કહેના બજા હૈ, બખૈર ખૂબી પૂરા હુવા.ઇસ થોડે સે અર્સે મેં ઇસ્લામ ઔર અહલે ઇસ્લામ કો બેશુમાર નફા પહોંચા."

**હવાલો**

"તારીખે દારૂલ ઉલૂમે દેવબંદ'' ભાગ-૧, પેજ નં. ૧૮૭ અને ૧૮૮

## દારૂલ ઉલૂમ માં બહાર ના વિદ્યાર્થીઓ ને રહેવા માટે રહેઠાણ (Hostel) નું ચણતર, બાંધકામ સ.હિ. ૧૩૧૬ થી ૧૩૧૮

"ગુઝિશ્તા સાલોં મેં દારૂત્તલબા કી તા'મીર કે લિયે જો અપીલ કી ગઇ થી વોહ નતીજા ખેઝ સાબિત હુઈ, નવાબ શાહજહાં બેગમ વાલીએ ભોપાલ ને દારૂત્તલબા કી તા'મીર કે લિયે એક ગિરાંકદ્ર  રકમ ઇનાયત ફરમાઇ, રૂદાદ મેં તા'મીર કી યેહ તફસીલ બ્યાન કી ગઇ હૈ કે બહુત સે હુજરે તલબા કે લિયે મદ્રસે કે મુત્તસીલ એક અલાહિદા ઇહાતે મેં તૈયાર હો ગએ હૈં જો દારૂત્તલબા કે નામ સે મોસૂમ હૈં, ઇસ કે ઇલાવા વોહ દરવાઝા કલાં કે ઉપર ઉસકે ગિર્દો પેશ મેં દફતર ઔર મહેમાન ખાના વગૈરા કી ઇમારતેં મુકમ્મીલ હો ગઇ હૈં, ઇન પર બારહ હઝાર રૂપે સર્ફ હુએ હૈં, ઇસ ખુશી મેં મિસ્ત્રી ઔર મઝદૂરોં કો શિરીની બાંટી ગઇ."

**હવાલો**

"તારીખે દારૂલ ઉલૂમ દેવબંદ'' ભાગ - ૧ પેજ નં. ૨૦૬

આ ફકરા થી પૂરવાર થયું કે ૧૩૧૬ સ.હિ. થી ૧૩૧૮ સ.હિ. ના વચ્ચે જ બહાર ના વિદ્યાર્થીઓ ને રહેવા માટે રહેણાંક "દારૂલ ઈકામા'' એટલે કે છાત્રાલય નું બાંધકામ થયું.





## દારૂલ ઉલૂમ દેવબંદ માં રસોડા (Mess) ની શરૂઆત, ૧૩૨૮ સ.હિ.

દારૂલ ઉલૂમ દેવબંદ માં બહાર ના વિદ્યાર્થીઓ માટે ખાવા પીવા ની સુવિધા ૧૩૨૮ સ.હિ. સુધી નહતી. જેથી રસોડા ની શરૂઆત કરવા માં આવી.

"દારૂલ ઉલૂમ કે આગાઝ સે અબ તક બૈરૂની તલબા કે ખાને કા ઇન્તિઝામ યેહ થા કિ કુછ તલબા કા ખાના શહર મેં મુકર્રર હો જાતા થા. અહલે શહર હસ્બે મકદેરત એક દો તાલિબ ઇલ્મો કે ખાને કી કિફાલત કરતે થે, કુછ તલબા કો દારૂલ ઉલૂમ દેવબંદ સે ખુર્દો નોશ કે લિયે નકદ વઝીફા દિયા જાતા થા. જીસસે ઇનકો બતૌરે ખૂદ અપને ખાને કા ઇન્તિઝામ કરના પડતા થા. યેહ દૂસરી સૂરત તલબા કે લિયે બહુત તકલીફ દેહ ઔર પરેશાનકુન થી. ઇસ લિયે અર્સે સે યેહ ઝરૂરત બ શિદ્દત મહસૂસ કી જા રહી થી કે તલબા કો નકદ વઝાઇફ કે બજાએ પકા હુઆ ખાના દિયા જાએ, ઇસ સિલ્સિલે મેં ગુઝિશ્તા ચંદ સાલોં સે કુર્બો જવાર કે અઝલા સે ગલ્લા ભી બતૌરે ચન્દા આને લગા થા. ચુનાંચે મોહર્રમ ૧૩૨૮ સ.હિ. સે મતબખ કા ઇફ્તેતાહ કિયા ગયા. મતબખ કે કિયામ સે ન સિર્ફ ઇન તલબા કો સહૂલત હો ગઇ જીનકો નકદ વઝીફા મિલતા થા. બલ્કે જો તલબા અપને ખૂર્દો નોશ કી ખૂદ કિફાલત કરતે થે ઉનકે લિયે ભી યેહ આસાની હો ગઇ કે વોહ બ સહૂલત મતબખ સે કિમતન અપને ખાને કા ઇન્તિઝામ કરલેં. જહાં સે ઇનકો નિહાયત કિફાયત ઔર ઉમદગી કે સાથ મુકર્રર વક્ત પર ખાના દસ્તયાબ હો જાતા થા."

**હવાલો**

"તારીખે દારૂલ ઉલૂમ દેવબંદ'' ભાગ-૧, પેજ નં. ૨૨૫

## વિચાર ની ક્ષણો........!!!

### (" આ પુસ્તક નો સાર એક નઝર માં")

**૧. જન્મ**

❀ આ'લા હઝરત ઈમામ અહમદ'રઝા' ૧૦, શવ્વાલ - ૧૨૭૨ સ.હિ.

❀ મોલ્વી અશરફઅલી થાનવી ૫, રબીઉસ્સાની - ૧૨૮૦ સ.હિ.

**૨. અભ્યાસ ની શરૂઆત**

❀ આ'લા હઝરત ઈમામ અહમદ'રઝા' સફર નો મહીનો - ૧૨૭૬ સ.હિ.

❀ મોલ્વી અશરફઅલી થાનવી ઝિલ્કાદ નો મહીનો - ૧૨૯૫ સ.હિ.

**૩. અભ્યાસ ની પૂર્ણાહુતી**

❀ આ'લા હઝરત ઈમામ અહમદ'રઝા' ૧૪, શાબાન - ૧૨૮૬ સ.હિ.

❀ મોલ્વી અશરફઅલી થાનવી ૧૩૦૧ સ.હિ. ની શરૂઆત માં

**નોટઃ** ઈમામ અહમદ'રઝા' મોહક્કિકે બરેલ્વી એ ૧૨૮૬ સ.હિ. માં સર્વે ઉલૂમે અકલિયા અને નકલિયા ની પૂર્ણાહુતિ કરી ને ઈફતા ની ગાદી સંભાળી લીધી હતી. ત્યારે મોલ્વી અશરફઅલી થાનવી ફકત છ (૬) વર્ષ ના બાળક હતા. વધુ માં જયારે થાનવી સાહેબે ૧૩૦૧ સ.હિ. માં દારૂલ ઉલૂમ દેવબંદ થી પોતાનું શિક્ષણ પુરૂ કર્યું ત્યારે આ'લા હઝરત ઈમામ અહમદ'રઝા' ના ઈલ્મ ની પૂર્ણાહુતી ને (૧૫) પંદર વર્ષ નો લાંબો ગાળો થઇ ચુકેલો.





**૪. દારૂલ ઉલૂમ દેવબંદ ની સ્થાપના**

❀ દારૂલ ઉલૂમ દેવબંદ ની સ્થાપના ૧૫, મોહર્રમ - ૧૨૮૩ સ.હિ. માં ''છત્તા'' મોહલ્લા ની પુરાની મસ્જિદ ના દાડમ ના ઝાડ નીચે એક વિદ્યાર્થી અને એક શિક્ષક થી થઈ હતી.

❀ ત્યારે ઈમામ અહમદ'રઝા' બરેલી શરીફ માં પોતા ના ઘરે મહાન ઉસ્તાદો થી ઉચ્ચ દરજ્જા ની છેલ્લી તા'લીમ લઈ રહયા હતા.

**૫. દારૂલ ઉલૂમ દેવબંદ ની પહેલી ઇમારત ની સ્થાપના**

❀ દારૂલ ઉલૂમ દેવબંદ ની પહેલી ઈમારત ની સ્થાપના ૨, ઝિલ્હજ્જા ૧૨૯૨ સ.હિ. માં થઈ અને આઠ (૮) વર્ષ ના સમય પછી એટલે કે ૧૩૦૦ સ.હિ. માં ''નૌ-દરા'' નામ ની પહેલી ઈમારત નું બાંધકામ પુરૂં થયું.

❀ ત્યારે ઈમામ અહમદ'રઝા' મોહક્કિકે બરેલ્વી મુફ્તી બની ને, ધાર્મિક ઈસ્લામિક સેવાઓ આપી રહયા હતા તે વાત ને ચૌદ (૧૪) વર્ષ નો સમય ગાળો વિતી ચુકયો હતો.

**૬. દારૂલ ઉલૂમ દેવબંદ ની હોસ્ટેલ નું બાંધકામ**

❀ બહાર ના વિદ્યાર્થીઓ ના રહેવા માટે દારૂલ ઉલૂમ દેવબંદ માં હોસ્ટેલ ના બાંધકામ ની શરૂઆત ૧૩૧૬ સ.હિ. માં થઈ અને તેની પૂર્ણાહુતી ૧૩૧૮ સ.હિ. માં થઈ.

❀ ત્યારે આ'લા હઝરત ઈમામ અહમદ'રઝા' મોહક્કિકે બરેલ્વી ના ઉલૂમે અકલિયા અને નકલિયા ની પૂર્ણાહુતી ને બત્રીસ (૩૨) વર્ષ નો લાંબો સમય ગાળો પસાર થઈ ચુકેલો.

**૭. દારૂલ ઉલૂમ દેવબંદ માં રસોડા ની શરૂઆત**

❀ દારૂલ ઉલૂમ દેવબંદ માં અભ્યાસ કરતાં બહાર ના વિદ્યાર્થી જેઓ હોસ્ટેલ માં રહેતા હતા તેઓ ના ખાવા પીવા ની વ્યવસ્થા માટે રસોડા ની

શરૂઆત ૧૩૨૮ સ.હિ. માં થઈ.

ત્યારે આ'લા હઝરત ઈમામ અહમદ'રઝા' મોહક્કિકે બરેલ્વી ''મુજદ્દિદે આઝમ'' ની શાન થી સમગ્ર ઈસ્લામી જગત ના પ્રિય બની ચુકયા હતા, અને તેઓ ઈલ્મો ઈરફાન ના સૂર્ય બની ને ચમકી રહયા હતા, તેઓ ના વિદ્યાર્થી જીવન ને સમાપ્ત થયે બેતાલીસ (૪૨) વર્ષ નો સમય ગાળો પસાર થઈ ચુકયા હતો.

હવે......., પ્રિય વાંચક મિત્રો ની સેવા માં નમ્ર અપીલ છે કે ઈમામ અહમદ'રઝા' મોહક્કિકે બરેલ્વી અને મોલ્વી અશરફઅલી થાનવી દારૂલ ઉલૂમ દેવબંદ માં સહપાઠી હતા, અને એકજ વર્ગ માં હોવા ની સાથોસાથ હોસ્ટેલ માં એકી સાથે રહેતા હતા અને રસોડા માં સાથે જમતા હતા. આ એક એવું ઘોર અસત્ય છે કે જેના દ્વારા ઈતિહાસ ને પણ વિકૃત બનાવવા ની ધૃણાસ્પદ ચેષ્ટા છે.

પોતાના બાતિલ અકીદાઓ પર ઈમામ અહમદ'રઝા' મોહક્કિકે બરેલ્વી ના ઈલ્મ ની પકડ ઢીલી કરવા ની નેમ હેઠળ આજ ના યુગ ના મુનાફિકો પબ્લિક માં એવી વાર્તાઓ ફેલાવી રહયા છે કે આ'લા હઝરત ઈમામ અહમદ'રઝા' મોહક્કિકે બરેલ્વી અને મોલ્વી અશરફઅલી થાનવી દારૂલ ઉલૂમ દેવબંદ માં એકી સાથે અભ્યાસ કરતાં હતાં, સાથે ખાતા પીતા અને સાથે રહેતા હતા અને અભ્યાસકાળ દરમ્યાન બંને વચ્ચે ઝઘડો થઈ ગયો. આથી, આ'લા હઝરત ઈમામ અહમદ'રઝા' બરેલ્વી એ અશરફઅલી થાનવી અને દેવબંદ ના બીજા મોટા આલિમો પર ''કાફિર હોવાનો'' ફતવો ચોડી દિધો અને અભ્યાસ અધુરો મુકી ને બરૈલી પરત ચાલ્યા ગયા. આજ સુન્ની અને દેવબંદીઓ વચ્ચે ના ઝઘડા નું મૂળ કારણ છે.

પણ, જો દેવબંદી વિચારસરણી ના માન્યતા પ્રાપ્ત પુસ્તકો નો અભ્યાસ કરવા માં આવે તો ઈતિહાસ ના અજવાળા માં આ હકીકત મધ્યાહ્ન ના સૂર્ય ની જેમ પ્રકાશિત થઈ સામે આવી જશે કે...,

''થાનવી સાહેબ નું ઈમામે અહમદ'રઝા' ની સાથે અભ્યાસ કરવું તે એક અશકય કલ્પના છે કારણ કે જયારે ઈમામ અહમદ'રઝા' દીની વિદ્યાઓ





ને સંપૂર્ણ પણે હાંસલ કરી, એક મહાન મુફતી ની હૈષિયત થી દીને ઈસ્લામ ની તન મન થી સેવા કરી રહયા હતા ત્યારે થાનવીજી તદ્દન અભણ હતા અને અજ્ઞાનતા ના અંધારાઓ માં ભટકી રહેલા હોવા થી એવી હરકતો આચરતા હતા કે જેને જોઈને એક જાહિલ, અરે,.. ફુટપાથિયા મવાલી નું માથું પણ શરમ થી ઝુકી જાય. ઉદાહરણ તરીકે

(૧) થાનવી સાહેબે પોતાના પિતા ના ખાટલા ના પાયા રસ્સી વડે બાંધી દિધા, જેથી ખાટલા વરસાદ ના પાણી થી પલળી ગયા.

(૨) થાનવી સાહેબે પોતાના ભાઈ ના માથે મુત્ર નો ધોધ કરેલો.

(૩) મિયાં ઈલાહી બખ્શ ની મસ્જિદ માં નમાઝીયો ના બૂટ ચંપલ મસ્જિદ ના શામિયાના (મંડપ) પર નાંખી દિધા.

(૪) થાનવી સાહેબે પોતાના પિતરાઈ મામા ની દાળ ની રકાબી માં કૂતરા નું ગલૂડીયૂં નાંખી દિધું.

શું હજુ પણ આ દાવો છે કે ઈમામ અહમદ 'રઝા' મોહદ્દિસે બરેલ્વી અને મોલ્વી અશરફઅલી થાનવી એક સાથે અભ્યાસ કરતા હતાં ? કદાપી પણ નહીં, આ બન્ને નું સાથે અભ્યાસ કરવું કોઈ પણ સંજોગો માં શકય જ નથી. પરંતુ સાથે ભણવા નો તો પ્રશ્ન પણ ઉપસ્થિત થતો નથી.

અંતે ફકત એટલું જ કહેવા નું કે

ન તુમ સદમે હમેં દેતે, ન હમ ફરિયાદ યૂં કરતે
ન ખુલતે રાઝ સરબસ્તા ના યૂં રૂસ્વાઈયાં હોતીં.

તારીખ : ૫ - રમઝાનુલ મુબારક
૧૪૧૭ સ. હિ.
પ્રમાણે : ૧૫ - જાન્યુઆરી
ઈ.સ. ૧૯૯૭ સોમવાર

ખાનકાહે બરકાતીયા મારેહરા
મુકદ્દસા અને ખાનકાહે રઝવિય્યા
નૂરીયા બરેલી શરીફ નો અદના
સવાલી
અબ્દુસ્સત્તાર હમદાની "મસ્રૂફ"
બરકાતી - નૂરી



www.Markazahlesunnat.com

**બિદઅત.... બિદઅત..... અને બિદઅત ..... જયાં જુઓ ત્યાં બિદઅતોજ દેખાઈ રહી છે, જેને જુઓ તે બિદઅતમાં સીધી કે આડકતરી રીતે સંકડાયેલો છે. પણ..... 'બિદઅત' એટલે શું ? બિદઅત ની સાચી વ્યાખ્યા શું છે ? બિદઅતો ના કેટલા પ્રકાર છે ? બિદઅત ને પ્રચલિત કરનાર માટે ઈસ્લામમમાં શું હુકમ છે ? બિદઅતો ના કારણે મિલ્લતે ઈસ્લામીયા ઉપર શી અસર થઈ છે ? સીધી અને આડકતરી રીતે આપણે કેટલી અને કયા કયા પ્રકારની 'બિદઅતો' થી સંકળાયેલા છીએ ?......તેની વિસ્તૃત માહિતી મેળવવી 'અતિ આવશ્યક' છે. માટે જ.....**

**મુનાઝિરે એહલે સુન્નત, માહિરે રઝવીય્યાત, અલ્લામા અબ્દુસ્સત્તાર હમ્દાની 'મસ્રૂફ' (બરકાતી, નૂરી)ની લખેલ કિતાબ**

## બિદઅત અને બરૈલી ? (ગુજરાતી/ઉર્દૂ)

આજે જ અચૂક મંગાવો.

**:: પ્રકાશક ::**

મરકઝે એહલે સુન્નત બરકાતે રઝા, પોરબંદર.
ફોન : (૦૨૮૬) ૨૨૨૦૮૮૬

---

**મૌત દરેક જીવ માટે નિશ્ચિત છે....**

- સકરાત, મૌત, મૈયતનું ગુસ્લ, કફન, દફન એ બાબતો દરેક મો'મિન માટે અનિવાર્ય છે.
- ઉપરોક્ત બાબતોને ઈસ્લામી શરીઅત મુજબ સમજવુ અને અદા કરવું જરૂરી છે.
- મૈયતને સ્પર્શતા દરેક મસાઈલની વિસ્તૃત જાણકારી મેળવવા માટે આજે જ મંગાવો.

## 'મો 'મિન કી અજલ' (ઉર્દૂ / ગુજરાતી)

લેખક : મુનાઝિરે એહલે સુન્નત, માહિરે રઝવીયાત,
અલ્લામા અબ્દુસ્સત્તાર હમ્દાની 'મસ્રૂફ' (બરકાતી, નૂરી)

**પ્રાપ્તિ સ્થાન : મરકઝે એહલે સુન્નત બરકાતે રઝા, પોરબંદર.**